આપણા જ આચાર્ય
શ્રીગોપીનાથજી



श्रीवल्लभप्रतिनिधिं, तेजोराशिं दयार्णवम् ।
गुणातीतं गुणनिधिं श्रीगोपीनाथमाश्रये ।।

શ્રીમહાપ્રભુના પ્રતિનિધિ, તેજના ભંડાર, દયાના સાગર, ગુણોથી અતીત
સદ્‌ગુણોના ભંડાર શ્રીગોપીનાથનો હું આશ્રય કરું છું.



તૃતીય ગૃહ પીઠાધીશ

પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી

(કાંકરોલી - વડોદરા)

આપશ્રીને સૌ. વર્ષા અને ડૉ. પીયૂષ પરીખના દંડવત્પ્રણામ

॥ Shri Hari ॥
॥ Shri Dwarkesho Jayati ॥

Goswami Shri Vrajeshkumarji Maharaj
(Shu. Tru. Gruhadhipati) Kankaroli.

Date : 9/5/03

Place : कांकरोली

Letter No. :

डॉ. श्री पियुषभाई

भरूच

शुभाशीर्वाद

श्रीमद् आचार्य शिरोमणी श्री वल्लभाचार्यजी का जो अलौकिक प्रदान पुष्टिमार्ग के रूप में भगवद् भक्ति की इच्छा रखने वाले जीवों के लिए हुआ है, उसके संपूर्ण दायित्व का निर्वहन एवं पुष्टि संप्रदाय की प्रारंभिक धुरा का वहन जिस प्रकार श्री गोपीनाथजी ने किया उसके गौरव को विगत शताब्दीयों मे अनेक लोग विस्मृत कर बैठे है।पुष्टिमार्ग के आचार्य के स्वरूप में जिस प्रकार श्रीमद् वल्लभाचार्य चरण श्री महाप्रभुजी ने पुष्टिमार्ग के पथिक भक्त और मर्यादा मार्ग के पथिक भक्तों को अपने–अपने अधिकार के योग्य आत्म कल्याण का मार्ग बतलाया और जीव को प्रवाह से मर्यादा और मर्यादा से पुष्टि में पहुँचने का रास्ता दिखलाया,उसी प्रकार श्री गोपीनाथजी ने उसी विधि से अपने जीवन के पाँच दशक इस पुष्टिमार्ग की नींव को सुदृढ करने के लिए समर्पित किये।श्री गोपीनाथजी को अनेक लोग केवल मर्यादा स्वरूप मानते है लेकिन पूर्णावतार स्वरूप वही होता है जो मर्यादा में पुष्टि के कार्य को और पुष्टि में मर्यादा के कार्य करें। जैसा कि श्रीगोपीनाथ जी और श्री गुसांई जी ने कर दिखाया है जो उदाहरण भगवान श्रीराम ने और श्रीकृष्ण ने प्रस्तुत किया था, उसी का संकेत इन दोनों महापुरूषों के जीवन में भगवदीयजन अनुभव कर सकते है।श्री गोपीनाथजी पर उनकी जीवन चर्या और कृतित्व पर लिखकर पुस्तिका रूप में भगवदीयजन हितार्थ जो यह सतप्रयास है, वह स्तुत्य है। आशा है, इसके परिशीलन से अनेक लोगों का भ्रम निवृत्त होकर पुष्टिमार्ग के सही स्वरूप को पहचानने तथा श्रीमद् आचार्य परिवार का स्वरूप जाननें मे बहुत मदद मिलेगी।

श्री..... प्रभु का अनुग्रह इस ग्रंथ के लेखक पर और पाठकों पर अभिवर्षित हो ऐसी मंगल कामना करते हुए उनके श्री..... चरणों में विज्ञप्ति करते हैं। शुभम् ।

भवदीय

गो. व्रजेशकुमार

(गोस्वामी व्रजेश कुमार)
कांकरोली

श्रीहरिः

नवनीतप्रिय शास्त्री
वल्लभवेदान्ताचार्य (प्रदत्त सुवर्णचन्द्रक), काव्यतीर्थ
सिविल अेन्जिनियर
भागवतभूषण, भागवतरत्न, भगवच्छास्त्रनिष्णात

फोन ६०९०८
" व्रज विहार "
मोटी पोल, मोटी सांथ,
नडियाद – ३८७००१

તા. ૨૧/૫/૯૩.

ભગવદ્સેવાસક્ત – [illegible] – [illegible],

પ્રિય ચિ. ભાઈ [illegible], [illegible] [illegible], [illegible], [illegible]. 'શ્રીગોપીનાથાષ્ટક' - પુસ્તિકા છપાવવાની [illegible] આપને [illegible], [illegible] આપે આ સુંદર પ્રયત્ન કર્યો છે. હાર્દિક ધન્યવાદ! મંગલાશીર્વાદ!

"યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ॥" – આ પ્રસિદ્ધ પદ્ય શ્રીગુસાંઈજીએ પોતાના [illegible] શ્રીગોપીનાથજી માટે રચ્યાનું પ્રસિદ્ધ છે. શ્રીગોપીનાથપ્રભુ [illegible] [illegible] આમાં સૂચવાય છે. 'અનન્યાધિકારિણાં' [illegible], – 'ભક્તિરસ્તુ સદા [illegible] ॥' – એ શ્રીગુસાંઈજી શ્રીગોપીનાથજીના પોતાની [illegible] [illegible] [illegible] નિરૂપણ છે, [illegible] છે.

આપણા સંપ્રદાયમાં તો, "ભક્તેચ્છા શ્રીગોપીનાથ કહિયે, શ્રીવિઠ્ઠલ નંદાનંદ" – પ્રસિદ્ધ છે. "[illegible]"માં "[illegible]" – "માં, [illegible] બે [illegible] – [illegible] [illegible] [illegible] [illegible] – [illegible] – છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સૂચિત કરી દીધો છે. [illegible] [illegible] [illegible] [illegible] નહીં હશે!

શ્રીગોપીનાથજી તથા શ્રીપુરુષોત્તમજીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોવાનું છે. આપે તેનો [illegible] [illegible] કરીને, આ પુસ્તિકામાં શ્રીગોપીનાથજીના સુંદર [illegible] [illegible] કર્યો છે, "[illegible]"નો [illegible] પણ [illegible] [illegible] વગેરે [illegible] [illegible] છે.

શ્રીમદ્વલ્લભ [illegible] કૃપા કરીને [illegible] [illegible] [illegible] સેવા કરાવે, તેવી હાર્દિક મંગલકામના!

[illegible] [illegible] [illegible] [illegible], [illegible] છું.

નોંધ: [illegible] [illegible] [illegible] [illegible] તો [illegible] [illegible].

લિ. નવનીતપ્રિય શાસ્ત્રીનાં
આશીર્વાદ

।। શ્રીગોપીજનવલ્લભાય નમઃ ।।

સહજ ઉદ્‌ગાર - પ્રતિભાવ

બાલ્યપુષ્ટો યુવાપુષ્ટો વાર્ધક્યેડપિ તથૈવ હિ ।
પીયૂષસ્તુ સદા પુષ્ટઃ પુષ્ટો જન્મનિ જન્મનિ ।।

એક સુભાષિતમાં દર્શાવ્યા પ્રમાણે ‘ઘૃષ્ટં ઘૃષ્ટં પુનરપિ પુનશ્ચન્દનં ચારુગન્ધમ્’ (વારંવાર ઘસવામાં આવતું હોવા છતાં પણ ઉત્તમ સૌરભયુક્ત ચંદન ચંદન જ રહે છે) એવા ગો.વા.મરજાદી વૈષ્ણવ પૂ.ચંદનબા સાચે જ ચંદનસમાં (યથા નામા તથા ગુણાઃ) હતાં. જેમનો પોતરો પ.ભ. પીયૂષ પણ ચંદનસમી પુષ્ટિસૌરભ અત્રતત્રસર્વત્ર ફેલાવી રહ્યો છે, ફેલાવતો રહેશે જ. પ્રત્યેક જન્મે પણ આ નિત્ય પુષ્ટિપુષ્ટ જીવ આ જ વૈષ્ણવ ભેખ ધરતો રહેશે એવો ભાવ વ્યક્ત થઈ જાય છે - કારણ એની વૃત્તિ જ પુષ્ટિપ્રવૃત્તિસંલગ્ન છે. એની વ્યાવૃત્તિમાં પણ “હરૌ ચિત્તં” દૃષ્ટિગોચર થાય છે. પુષ્ટિનું પીયૂષપાન કરાવવા જ સાંપ્રત કાળમાં પૂ.પા.ગો.બાળકો તથા પ.ભ.પૂ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી જેવાની દિવ્યકાનીથી બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણ આપનાં પ્રેરણા પીયૂષથકી પરિપ્લાવિત કરી પુષ્ટિસૃષ્ટિના જીવોને શ્રીમહાપ્રભુજીનો પંથ શા માટે અપનાવવો જોઈએ તે દર્શાવવા પ.ભ.પીયૂષ પરીખના વાક્‌પીયૂષના માધ્યમથી આપણને સૌને પીયૂષપાન કરાવી રહ્યા છે.

વાચન, અધ્યયન, મનન અને પરિશીલનમાં પણ જીવનની પ્રત્યેક પળને સાચવીને વિનિયોગ કરનાર જ ગહન અભ્યાસ કરી શકે, પ્રભુએ પ.ભ. પીયૂષમાં અત્યારસુધી ત્રયધારા - ત્રિવેણીસંગમ દર્શાવવા ઈચ્છયું હશે એમ લાગ્યા કરે છે - પરંતુ ગહન અભ્યાસ, સ્વરૂપસેવન અને કીર્તનના ત્રિવેણીસંગમના માધ્યમમાં આજથી તુરીય (ચતુર્થ) માધ્યમ પ્રભુઈચ્છાથી પ.ભ.પીયૂષને પ્રાપ્ત થઈ રહ્યું છે - ગ્રંથલેખન.

આ ગ્રંથલેખનમાં પણ જેમના વિશે વૈષ્ણવસૃષ્ટિનું અત્યલ્પ જ ધ્યાન રહ્યું છે એવા આચાર્ય પૂ.પા.ગો. શ્રીગોપીનાથચરણજી (શ્રીમહાપ્રભુના પ્રથમ લાલજી)ના ‘સાધનદીપિકા’ ગ્રંથ વિશે વૈષ્ણવ સૃષ્ટિને આછો છતાંય સાચો ખ્યાલ આપવા બુદ્ધિપ્રેરક શ્રીકૃષ્ણે આ કૃતિ ગ્રથિત કરવા પ.ભ. પીયૂષને પ્રેરણા કરી છે. તદ્દન સરળ ભાષામાં સાધનદીપિકાના શ્લોકોનો ભાવાર્થ તેમ જ યથોચિત વિવેચનદ્વારા પ.ભ.પીયૂષે કરેલો પ્રયાસ પ્રશંસનીય છે. પાશેરામાં પહેલી પૂણીરૂપી આ ગ્રંથ અન્ય ઉપયુક્ત સાહિત્ય સર્જવા પ્રેરણારૂપ બની રહેશે. અનવસરમાં અવસર જુએ - અનુભવે તે જ સાચો ભગવદીય. ડૉ. પીયૂષ અને પ્રભુસેવાપરાયણ પ.ભ. પીયૂષનો અવસર તો સાર્થક હોય જ, પરંતુ ઉભયપીયૂષનો અનવસર પણ સાર્થકતા પ્રાપ્ત કરી રહ્યો છે. પ્રભુ પ.ભ. પીયૂષને સદાસર્વદા હરિ, ગુરુ, વૈષ્ણવ સેવાપરાયણ રાખશે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી. અસ્તુ.

સંવત ૨૦૫૯
ચૈત્ર વદ ૧૧, રવિવાર
તા. ૨૭-૪-૨૦૦૩

દીનકિંકર -
દા.દા. વૈકુંઠ ભગતના સદૈન્ય ભગવત્સ્મરણ

આ પુસ્તક વિષે કિંચિત્ કથન

સંપ્રદાયમાં અંગીકાર થયો. એતન્માર્ગ વિષે કિંચિત્ જાણકારી પ્રાપ્ત થતી ગઈ. માર્ગીય પ્રવેશથી લઈ અત્યાર સુધીમાં જુદા જુદા ગામોમાં સત્સંગ માટે જવાનું થયું. ભરૂચ તથા અન્ય સ્થળોએ વૈષ્ણવ સમુદાય સાથે ભગવદ્ વાર્તાના પણ પ્રસંગો થયા.

આ બધી પ્રવૃત્તિઓ દરમ્યાન પ્રભુકૃપાથી મારું ધ્યાન એક મુદ્દે સવિશેષ ખેંચાણું. શ્રીમહાપ્રભુજીના પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજી તથા વલ્લભવંશમાં જ પ્રકટેલા શ્રીપુરુષોત્તમજી લેખવાળા (દશદિગંત વિજયી)ના જીવન વિષે તથા આ બે આચાર્યોએ કરેલી માર્ગીય સેવા (ખાસ તો ગ્રંથો દ્વારા) વિષે પ્રાયઃ બહુ ઓછા વૈષ્ણવોને ખબર હોય છે.

પ્રાતઃકાળમાં નિત્ય દર્શનનાં સ્વરૂપોની યાદીમાં પણ શ્રીગોપીનાથજીનું સ્મરણ પ્રાયઃ નથી થતું. આપશ્રીના શ્રીભાગવત પ્રત્યેના આદરથી એ સ્પષ્ટ થાય છે કે આપ શ્રીભાગવતના તત્ત્વજ્ઞ હતા. ભારતવર્ષની પરિક્રમા પણ કરી હતી. છતાં આપશ્રીનાં એકપણ બેઠકજી બિરાજતાં નથી. સત્સંગ કે માર્ગીય સભાઓના અંતે જયઘોષ બોલાવવાની રીતિ છે. ત્યાં પણ શ્રીગોપીનાથજીનું સ્મરણ થતું જોવામાં નથી આવતું. કીર્તનસમાજમાં શરૂમાં વધાઈ બોલવાનો ક્રમ હોય છે. ત્યાં પણ શ્રીગોપીનાથજીનું કીર્તનગાન થતું નથી.

આ જ રીતે પૂ.પા.ગો.શ્રીહરિરાયચરણોના સમકાલીન ગો.શ્રીપુરુષોત્તમચરણો પણ એક સમર્થ આચાર્ય હોવા છતાં પ્રાયઃ બહુધા વૈષ્ણવ સમાજ આપશ્રીનાં નામ તથા કામથી અપરિચિત હોય તેવું દેખાય છે. આમ, શ્રીગોપીનાથજી તથા શ્રીપુરુષોત્તમજી લેખવાળા તરફ વૈષ્ણવ સમાજની કંઈક ઉપેક્ષા દેખાય છે. આ બે આચાર્યો તરફ વ્યક્ત થયેલી કંઈક ન્યૂન ભાવનાએ મને આ પુસ્તક ‘‘શ્રીગોપીનાથજી’’ લખવા પ્રેર્યો છે.

પુસ્તકો લખવા, સંદર્ભગ્રંથો પણ ખાસ પ્રાપ્ત ન થયા. વર્ષો પહેલાં લખાયેલ ‘‘શ્રીગોપીનાથજી’’ - લેખક ડૉ. ચિમનલાલ વૈદ્ય તથા ગો.વા.શ્રીરમેશભાઈ વિ. પરીખે લખેલ શ્રીગોપીનાથજીના જીવનચરિત્રની પુસ્તિકા મળી. આ પુસ્તિકા વાક્પતિ ફાઉન્ડેશન વડોદરાના અભ્યાસક્રમની છે. આ બંને પુસ્તકોની મદદથી આ પુસ્તક લખવાનું શરૂ કર્યું. બાલકવિ ગોપાલદાસજીના વલ્લભાખ્યાન તથા પ.પૂ.ગો.શ્રીજીવણલાલજી મહારાજે કરેલી તેની ટીકા મારી વહારે ધાયા. ‘‘મૂલપુરુષ’’વાળા ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજે તે વાઙ્મય દ્વારા મારા પર કૃપા

કરી. મોટું મંદિર-સૂરત તરફથી પ્રકાશિત થયેલ ''કીર્તનકુસુમાકર''માંથી શ્રીગોપીનાથજીની વધાઈઓનો આશરો કર્યો. ''પુષ્ટિપુલિન''ના માધ્યમથી પ.ભ.પૂ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીના આશિષ મળ્યા. આમ આ બધા પ્રમાણગ્રંથોથી, મૂઢમતિ એવો હું, પુરુષોત્તમસ્વરૂપ શ્રીગોપીનાથજી વિષે લખવા કંઈક પ્રયત્નશીલ થઈ શક્યો. આ બધાં પુસ્તકો તથા તેમના લેખકોને મારાં સદૈન્ય વંદન.

આ પુસ્તકમાં આલેખેલી માહિતી માટે વર્તમાન બે આચાર્યોનો સવિશેષ ઋણી છું. તેમાંના એકે મને પરોક્ષ અને બીજાએ મને પ્રત્યક્ષ આશીર્વાદ આપી અનુગૃહીત કર્યો છે.

પરોક્ષ અનુગ્રહ ''પુષ્ટિવિધાનમ્''ના કર્તા પૂ.પા.ગો. શ્રી શ્યામમનોહરજીનો. ''સાધનદીપિકા '' ગ્રંથ ''પુષ્ટિવિધાનમ્''માંથી પ્રાપ્ત થયો. આપે તેમાં જે ભાવમાર્ગદર્શન કર્યું છે તેની પ્રેરણા દ્વારા મેં સમગ્ર ''સાધનદીપિકા''નો ગુજરાતી ભાવાનુવાદ કર્યો છે. શબ્દે શબ્દ તેમાં ગુજરાતી તરજુમો નથી, પણ શ્લોકનો મુખ્ય ભાવ તેમાં જળવાઈ રહે તે રીતે ભાવાર્થ કર્યો છે. આના માટે પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજીનો ઋણી છું.

પ્રત્યક્ષ અનુગ્રહ, મારા ગુરુદેવ નિ.લી.પૂ.પા.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજે (કાંકરોલી નરેશ), હાલમાં બિરાજતા તત્સ્વરૂપ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજ દ્વારા કર્યો. મારા લેખનો આપશ્રીએ પ્રત્યેક અક્ષર વાંચ્યો. આમ મારા લખાણને કૃતાર્થ કર્યું. દોઢ કલાક સુધી મને આપના ચરણકમલોમાં બેસાડી વાંચન કરતાં કરતાં કેટલુંક માર્ગદર્શન આપ્યું. આપશ્રી પાસેના પુસ્તકભંડારમાંથી આપશ્રી મારા માટે શ્રમ લઈ બે પુસ્તકો લાવ્યા અને તેમાંથી કેટલીક અગત્યની માહિતી આપશ્રીએ મને આપી. આપશ્રીએ કરેલાં કેટલાંક સૂચનો તથા માહિતીઃ

શ્રીગોપીનાથજીનું લગ્ન અડેલમાં નહીં પણ દક્ષિણમાં આપશ્રીના કાકા શ્રીજનાર્દનજીએ કરાવેલું તેવી માહિતી પણ સંપ્રદાયમાં છે.

શ્રીગોપીનાથજીનું આયુષ્ય ૩૨ વર્ષ કરતાં વધુ છે. તેમના પ્રાપ્ત થતાં ચિત્રોમાં તેમના શ્વેત કેશ આનું પ્રમાણ છે. લીલા વિસ્તાર્યાની સંવત ૧૬૨૦ છે.

શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજીએ જગન્નાથપુરીના રાજાને પોતાનું માહાત્મ્ય બતાવેલું (આ પ્રસંગ મેં પુસ્તકમાં સમાવ્યો છે.)

''સાધનદીપિકા'' ગ્રંથમાં વપરાયેલ શબ્દ 'શૃંગાર' તે નપુંસક છે. તેનો અર્થ ઈત્ર (અત્તર) થાય. શણગાર એવો અર્થ ન થાય.

આપશ્રીના ગૃહમાં હસ્તલિખિત અતિપ્રાચીન એક ડાયરી બિરાજે છે. તેમાં સાંપ્રદાયિક ઐતિહાસિક તથ્યો લખ્યાં છે. ત્યાં કેટલીક જગ્યાએ શ્રીવલ્લભનંદન શબ્દનો પ્રયોગ થયો છે. શ્રીવલ્લભનંદન, શ્રીગુસાંઈજીને પણ કહેવાય તથા શ્રીગોપીનાથજીને પણ કહેવાય. એમાં જે સંવતોના ઉલ્લેખો છે તે જોતાં પ્રમાણો, શ્રીવલ્લભનંદન અર્થાત્ શ્રીગોપીનાથજીનો ઉલ્લેખ કરતાં લાગે છે. તે આધારે ૨૫૨ વૈષ્ણવોમાં કેટલાક બ્રહ્મસંબંધ શ્રીગોપીનાથજીએ આપેલા હોય તેવું લાગે છે. આમ, મારા ગુરુદેવનો ઋણી છું.

યુવરાજ ગો.શ્રીવાગીશકુમારજીએ પણ મારા લેખનમાંથી થોડીક માહિતીનું અવલોકન કર્યું. આપશ્રીના આશિષથી જ પૂ.પા.ગો. શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીની કૃપા શીઘ્ર પ્રાપ્ત થઈ ગઈ. આપશ્રીનો પણ ઋણી છું. પૂ.પા.ગો. શ્રી પરાગકુમારજી (કાંકરોલી-સુરત) તથા પૂ.પા.ગો. શ્રી નૈમિષકુમારજી (કાંકરોલી-સુરત)એ પણ મારા લેખન કાર્યને આશિર્વાદ આપી પ્રોત્સાહિત કર્યો છે તે બદલ આપશ્રીનો પણ ઋણી છું.

ભરૂચના વૈષ્ણવરત્ન પ.ભ.શ્રીવૈકુંઠભાઈ ભગતે પ્રૂફ રીડિંગની સેવા આપી. સાધનદીપિકા ગ્રંથના ગુજરાતી તરજુમા માટે પણ કેટલાંક સૂચનો કર્યાં. તેમનો પણ આભારી છું.

ભાઈશ્રી રાકેશ રોહિત મસાણીએ કોમ્પ્યુટર લેખનથી લઈ પુસ્તક તૈયાર કરવાની સેવા સહર્ષ અને શીઘ્ર કરી તેનો પણ આભારી છું. સ્મીરા ગ્રાફીક્સના શ્રી મુકેશભાઈ બક્ષીએ આ પુસ્તીકાના ઓફસેટ પ્રિન્ટીંગમાં સહહૃદયતા પૂર્વક સેવા કરી છે તે બદલ તેમનો પણ આભારી છું.

મારું લખાણ સતત નથી થયું. થોડું થોડું રોજ લખતો. સૌ.વર્ષાએ તે બધું લખાણ એકત્રિત કરી એક સાથે લખી આપવાની સેવા આપી સહધર્મચારિણીનું કર્તવ્ય નિભાવ્યું છે.

શ્રીવદનભાઈ રૂવાળા ભરૂચના એક ચિત્રકાર વૈષ્ણવ છે. મેં તેમને શ્રીગોપીનાથજી તથા આપશ્રીના લાલ શ્રીપુરુષોત્તમજીનાં પ્રાચીન ચિત્રજી બતાવ્યા. તેમણે શીઘ્રતાથી મને ચિત્ર તૈયાર કરી આપ્યું. તે બદલ તેમનો આભારી છું.

'પુષ્ટિવિધાનમ્' ગ્રંથ પ.ભ.પૂ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીએ મને તરત મોકલી આપ્યો. તે બદલ તેમનો પણ આભારી છું.

મારા પર સતત અનુગ્રહ કરતા ભરૂચના તથા અન્ય ગામોના વૈષ્ણવોની મારા તરફની ભાવભદ્રતાને પણ આ ક્ષણે સ્મરી વંદું છું.

ચૈત્રવદ-૧૧, સંવત ૨૦૫૯ શ્રીવલ્લભપ્રાક્ટયોત્સવ

- દા.દા.પીયૂષના વંદન.

આ પુસ્તિકા

મારા પૂર્વજો (શ્રી બેચરદાસ ગલાલદાસના કુટુંબમાં થયેલા ભગવદીયો) તથા જેની વસમી વિદાયે મારા જીવન વહેણને વ્રજાધિપની સનમુખ વહાવ્યું તેવા મારા સ્વર્ગસ્થ પત્ની (ડૉ. વીણા) અને પુત્રો (ચિરાગ અને ચિંતન)ના સ્મરણાર્થે.

મારા ગુરુદેવ કાંકરોલી નરેશ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના પાદપદ્મોમાં સમર્પિત કરું છું.

દા.દા. ડૉ. પીયૂષ પરીખ
ભરૂચ

।। શ્રીવલ્લભઃ ।।

શ્રીગોપીનાથજી

ભગવદીય ગોપાલદાસજી નવમા વલ્લભાખ્યાનમાં પોતાની રસના-જીભને બોધ-શિક્ષા આપે છે :

> નિતપ્રતિ ક્ષણક્ષણ સુમરિયે શ્રીવલ્લભનો પરિવાર રે રસના ।
> શ્રીપુરુષોત્તમ પ્રગટિયા જગત કરેવા ઉદ્ધાર રે રસના ।।

રે રસના ! હે જીભ ! તું નિત્ય અને પ્રત્યેક ક્ષણે શ્રીવલ્લભના પરિવારનું સ્મરણ કર. અમરકોશમાં ક્ષણનો અર્થ 'હર્ષ' પણ થાય છે. આથી પ્રતિક્ષણનું સ્મરણ હર્ષપૂર્વક કર.

શા માટે હર્ષપૂર્વક સ્મરણ કરવાનું ? તેનો હેતુ કહે છે કે આ શ્રીવલ્લભના પરિવારમાં શ્રીપુરુષોત્તમ પ્રગટ થયા છે. જગતના દૈવી જીવોના ઉદ્ધાર માટે તેઓ પ્રગટયા છે.

તત્ત્વદીપનિબંધમાં શ્રીઆચાર્યચરણોની એક કારિકા છે - 'કદાચિત્ સર્વમાત્મૈવ ભવતીહ જનાર્દનઃ' આમાં ભગવાનની નિત્યલીલા સૃષ્ટિનું નિરૂપણ કરતાં કહે છે કે નિત્યલીલામાં ભગવાન પોતે જ સર્વરૂપ થાય છે. આ પ્રકારથી શ્રીવલ્લભના પરિવારમાં વહુજી-બેટીજી વગેરે સ્વામિનીજીનાં સ્વરૂપ છે અને બધાં બાળકો પુરુષોત્તમસ્વરૂપ છે.

શ્રીસર્વોત્તમસ્તોત્રજીમાં શ્રીમહાપ્રભુજીનું બાસઠમું નામ છે ''ભુવિભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્'' - ભૂતલ પર ભક્તિના પ્રચાર માટે આપશ્રી પોતાનો અન્વય-વંશ વિસ્તાર કરવાવાળા છે. ચોસઠમું નામ છે. ''સ્વવંશેસ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ'' આપશ્રી પોતાના વંશમાં પોતાનું અશેષ - સંપૂર્ણ માહાત્મ્યનું સ્થાપન કરનાર છે.

શ્રીવલ્લભાખ્યાનમાં, ગોપાલદાસજીનું મિષ છે. વાણી તો શ્રીગુસાંઈજીની જ છે. શ્રીસર્વોત્તમસ્તોત્રજીમાં પણ શ્રીપ્રભુચરણોની જ વાણી છે.

આ બંને સબળ પ્રમાણે હોવા છતાં આપણા સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજી તથા સ્વનામધન્ય શ્રીપુરુષોત્તમજી લેખવાળાની પ્રાયઃ કંઇક ઉપેક્ષા થતી લાગે છે. વાસ્તવમાં તો તે બંને આપણા આચાર્યો જ છે.

શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજીના જન્મ પૂર્વે શ્રીમહાપ્રભુને થેયલી પ્રભુઆજ્ઞા.

વિજયનગરમાં ધર્મસભા હતી. શ્રીમહાપ્રભુજીએ ત્યાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. કૃષ્ણદેવરાયે આપશ્રીનો કનકાભિષેક કર્યો. ત્યાંથી શ્રીમહાપ્રભુજી દક્ષિણમાં રામેશ્વર

વગેરે તીર્થસ્થળોની પદયાત્રા કરતા કરતા પંઢરપુર પધાર્યા. આ આપશ્રીની બીજી યાત્રા હતી. પ્રથમ યાત્રા વખતે પણ આપશ્રી અહીં પધાર્યા હતા. ભીમરથી નદીના કિનારે પંઢરપુર છે. પ્રથમ યાત્રામાં આપશ્રી અહીં પધાર્યા ત્યારે ભીમરથીના સામા કિનારે બિરાજેલા. તે વખતે શ્રીવિઠ્ઠલનાથ (શ્રીવિઠોબા) આપશ્રીને મળવા ત્યાં પધાર્યા હતા. બેઉ સ્વરૂપને ખૂબ આનંદ થયેલો. મૂળપુરુષમાં ગો.શ્રી દ્વારકેશલાલજી આ પ્રસંગને આ રીતે વર્ણવે છે :

> તહાં તે પંઢરપુર જુ સિધારે, શ્રીવિઠ્ઠલનાથ મિલનકુ પધારે
> ભીમરથી કે પાર મિલે જબ, દોઉ તનમેં આનંદ બઢયો તબ
> બઢયો આનંદ કરી બિનતી, આપકો યહ શ્રમ ભયો
> કહી શ્રીવિઠ્ઠલનાથજીને મિત્રાતા-પથ પ્રકટિયો.

બીજી યાત્રામાં પુનઃ આપશ્રી પંઢરપુર પધાર્યા - શ્રીવિઠોબાનાં દર્શન કર્યાં. પ્રથમ યાત્રા વખતની બેઠકમાં શ્રીભાગવતસપ્તાહ કરી. આ સપ્તાહ દરમ્યાન આપને પ્રભુ સાક્ષાત્કાર - દર્શન - વારેઘડીએ થવા લાગ્યાં અને પ્રભુ તરફથી કંઈ વિશિષ્ટ પ્રેરણા થતી હોય તેમ લાગ્યું. કથા સંપન્ન થઈ. કથાનું ફલ સાક્ષાત્ પ્રભુ જ છે. તે રાત્રે પ્રભુ પધાર્યા. શ્રી મહાપ્રભુજીએ નમ્રતાથી દંડવત્પ્રણામ કર્યા. આ વખતે પ્રભુએ તેમને લગ્ન કરવાની આજ્ઞા કરી.

આ પ્રસંગને દ્વિતીયાખ્યાનમાં ગોપાલદાસજી આ રીતે ગાય છે :

> ત્યાંથી દક્ષિણ પાંવ ધરિયા, પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથ ।
> નેત્ર મળતાં વાત કીધી, વચન દીધું હાથ ।।૧૬।।
> વચન નિશ્ચે શ્રીનાથે માંગ્યું, કીધી શ્રીવલ્લભજીસુ વાત ।
> અમને તે ઈચ્છા એહ છે જે, હું નંદન ને તમે તાત ।।૧૭।।

ત્યારે આચાર્યશ્રીએ ક્હયું ''પ્રભુ મારી સંસાર તરફ રુચિ નથી - જે આનંદ બ્રહ્મચર્યપાલનમાં છે તે આનંદ સંસારમાં હોય તેમ મને જણાતું નથી. મેં યાત્રાઓ કરતી વખતે લોકોનાં મન કામનાઓથી ભરેલાં જોયાં છે આથી તેઓ ભારે દુઃખ ભોગવે છે. માટે કૃપા કરી મને આપ આવી આજ્ઞા ન કરશો.''

પ્રભુએ કહ્યું, ''લોકો કામ અને માયાને વશ થવાથી દુઃખી છે તે તમારી વાત સાચી છે, પણ તેવા લોકોનો સંસાર સ્વર્ગ બને તે શીખવવા મારી ઈચ્છા છે. તે માટે મારી ઈચ્છા તમારે ત્યાં અવતરવાની છે તેથી તમે લગ્ન કરો.''

શ્રી મહાપ્રભુજીએ કહ્યું, ''ગૃહસ્થાશ્રમનું મને મન નથી, પણ આપ મારે ત્યાં અવતરવા ઈચ્છો છો તો આપની ઈચ્છા પ્રમાણે વર્તવું એ જ દાસનો વિવેક છે. આપનાં દર્શન કરું ને આપનો પ્રસાર કરું આ બે વસ્તુ મને બહુ ગમે છે.''

છેલ્લું વાક્ય સાંભળી પ્રભુએ કહ્યું, ''પ્રિય વલ્લભ, તમારી ઈચ્છા એ જ મારી ઈચ્છા. તમારા દ્વારા એ કાર્ય બહુ સમય ચાલે એ મારી ઈચ્છા છે અને તે માટે મારી ઈચ્છા તમારે ત્યાં અવતરવાની છે.''

શ્રીવલ્લભે કહ્યું, ''ભલે, આપ આજ્ઞા કરો છો તો હું લગ્ન કરવાનું સ્વીકારીશ પણ કલિયુગ શરૂ થયો ત્યારથી આપણા સનાતન ધર્મના મોટા મોટા આચાર્યોમાંથી કોઈએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નથી. તો શા માટે મને આ આજ્ઞા કરવામાં આવે છે ?''

પ્રભુએ ઉત્તર આપ્યો, ''બુદ્ધાવતાર પછી સનાતન ધર્મના કોઈ આચાર્યશ્રીએ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો નથી તે વાત બરોબર છે પણ એ કંઈ રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો એ છે કે આચાર્ય પોતે ધર્મપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન કરે. વળી ધર્મ અને ભક્તિના સંસ્કારો શિષ્યપરંપરા કરતાં વંશપરંપરાથી સારી રીતે સચવાય તેમ છે, તેથી પુત્રને વેદમાં પિતાનું રૂપ કહ્યું છે. પૂર્વે જે મોટા મોટા ઋષિઓ અને ભગવદ્‌ભક્તો થયા તે બધામાં ઘણાખરા આદર્શ ગૃહસ્થાશ્રમી હતા. અત્યારના યુગમાં સાધુ, સૂરિ, સંન્યાસી કે બાવા બનવા કરતાં ધર્મપૂર્વક ગૃહસ્થધર્મનું પાલન જરૂરનું છે. તે આદર્શપાલન ભગવાનની ભક્તિ-સેવામાં અત્યંત સહાયક છે અને તે દ્વારા આદર્શ ગૃહને એક પવિત્ર મંદિર બનાવી શકાશે. વળી સાધુ-સંન્યાસી વગેરેમાંથી ઘણા ખરા તો પ્રજાને ભારરૂપ છે. પ્રજાનો મોટો ભાગ ગૃહસ્થાશ્રમી છે. આ વખતમાં લોકોનાં જીવન કઈ રીતે સુખી થાય ? કઈ રીતે તેઓ આદર્શ જીવન ગાળે ? તે માટેના લોકશિક્ષણની આવશ્યકતા છે. બસ તે આદર્શ સ્થાપવાની મારી ઈચ્છા છે. વળી મારે અવતાર લેવામાં આ સિવાય પણ બીજાં કારણો છે. માટે તમે લગ્ન કરો એવી મારી ઈચ્છા છે.''

આથી શ્રીમહાપ્રભુજીએ કહ્યું, ''જેવી આપની આજ્ઞા, પણ મારી વય બાવીસ વર્ષની છે. આજ કાલ પુત્ર-પુત્રી આઠ વર્ષના થતાં તો લગ્ન કરવામાં આવે છે. તો આવડી ઉંમરે મને કોણ કન્યા આપશે ? ''

પ્રભુએ પધારતાં છેલ્લે કહ્યું, ''એ ચિંતા તમે ન કરશો. મારી ઈચ્છાથી સૌ સરળ બનશે.''

ઉપર કરેલા સંવાદને ''શ્રીમૂલપુરુષ''માં ગો.શ્રી દ્વારકેશલાલજી આ રીતે રજૂ કરે છે.

ફેરિ પંઢરપુર જબ આયે, શ્રી વિઠ્ઠલનાથ કરિ મન ભાયે
કરી વિવાહ બહુ રૂપ દિખાઓ, મેરો નામ સુવન કો ધરાઓ
ધરો ચિત્તમેં બાત યહ, કાશી વિવાહ જુ હોયગો
મૈ કહ્યો દ્વિજ આય બિનતી કરે ચરણ સમોયગો

શ્રીમહાપ્રભુજીએ સ્વીકારેલો ગૃહસ્થાશ્રમ :

બીજી ભારતયાત્રા પૂરી થયા બાદ શ્રીવલ્લભ કાશી પધાર્યા. કાશીમાં દેવન ભટ્ટ નામે એક તૈલંગી બ્રાહ્મણ હતા. તેઓ શ્રીમહાપ્રભુજીની જ્ઞાતિના હતા. તેઓ વિદ્વાન પવિત્ર અને સદાચારી હતા. તેમનાં પત્નીનું નામ અત્રિમા હતું. તે પણ પતિવ્રતા સન્નારી હતાં. તેમને શીલ, રૂપ અને તપની મૂર્તિ સમી સુકુમાર અને ચંદ્રમુખી પુત્રી હતી. તેનું નામ શ્રીમહાલક્ષ્મીજી હતું. તે બાર વર્ષની થઈ પણ યોગ્ય વર ન મળ્યો. મા-બાપને ભારે ચિંતા હતી.

એક દિવસ આ પતિ-પત્નીને ભગવાને સ્વપ્નામાં આજ્ઞા કરી કે અહીં શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભ થોડા સમયમાં પધારશે તેમની સાથે તમારી પુત્રીનાં લગ્ન કરજો.

શ્રીલક્ષ્મણભટ્ટજીના કાશીનિવાસ વખતે તેઓ બ્રાહ્મણ તથા ઈતર સમાજોમાં સુપ્રસિદ્ધ હતા. શ્રીવલ્લભનો વિદ્યાભ્યાસ પણ કાશીમાં થયેલો. તેથી આ દંપતી શ્રીવલ્લભને ઓળખતા હતા. બંને માતૃચરણ ઈલ્લમાગારુને મળ્યા. શ્રીવલ્લભ સાથે પોતાની પુત્રીના વિવાહની ઈચ્છા દર્શાવી. શ્રીવલ્લભે પણ માતૃચરણને પ્રભુએ કરેલી આજ્ઞાની વાત કરી. સંવત ૧૫૫૮માં અષાઢ સુદ પાંચમે કાશી મુકામે તેમનાં લગ્ન થયાં.

લગ્ન બાદ ત્રીજી ભારતયાત્રામાં શ્રીવલ્લભ પધાર્યા. આપ વ્રજમાં પધાર્યા, ત્યાં વૃંદાવનમાં આપને વિશેષ અનુભવ થયો. જેનું વર્ણન કરતાં ગોપાલદાસજી દ્વિતીયાખ્યાનમાં ગાય છે :

રંગે તે રમતા દીઠડા, બળદેવ શ્રીગોવિંદ ।
એ પુત્રભાવે પ્રગટશે, મન ઉપનો આનંદ ।।૨૩।।

શ્રીવલ્લભે વૃંદાવનમાં બલદેવજી તથા ગોવિંદજીને બાલભાવથી ખેલતા જોયા. આપશ્રીને મનમાં એ આનંદ થયો કે આ બંને પુત્રભાવે મારે ત્યાં પ્રગટીને બાલલીલાનું સુખ આપશે.

ત્રીજી ભારતયાત્રા પછી શ્રીવલ્લભે કાશીથી અડેલ નામના રમણીય સ્થાનમાં સ્થિરવાસ કર્યો. અલ્હાબાદ પાસે ગંગાયમુનાના સંગમસ્થાનની નજીક આ સ્થળ આવેલું છે. ત્યાં ઝૂંપડી બાંધી શ્રીવલ્લભે ગૃહસ્થાશ્રમની શરૂઆત આપના એકત્રીસમા વર્ષથી કરી. ''શ્રીમૂલપુરુષ''માં ગો.શ્રી દ્વારકેશલાલજી લખે છે :

હસી કહ્યો સહકુટુંબ આવો, નિકટ રહી સેવા કરો
માનિ બચન પ્રમાણ કીનો, સાસરે દિશ પગ ધર્યો - ૧૬
કછુક દિન રહી સંગ લે આયે
બસે અડેલમેં નિજ હરખાયે.

શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય :

શ્રી મહાપ્રભુજીએ અડેલમાં ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો તે પછી થોડા સમય બાદ શ્રીમહાલક્ષ્મીજીને શ્રીઠાકોરજી શુભસંકેતો જણાવવા લાગ્યા. શ્રીમહાપ્રભુજીએ આ સંકેતોનું અર્થઘટન આપ્યું કે નજીકના ભવિષ્યમાં શ્રીઠાકોરજી પ્રગટશે.

તે મંગલદિવસ પણ આવ્યો. શ્રીમહાપ્રભુજીના નિવાસસ્થાનમાંથી કૃષ્ણ નામનો મધુર ધ્વનિ સતત વહેતો હતો. નિવાસસ્થાનની આજુબાજુ પીપળો, વડ વગેરેનાં ઊંચાં વૃક્ષો હતાં. શ્રીવલ્લભના નિવાસમાંથી નીકળતા કૃષ્ણ નામના મધુર ધ્વનિને તેઓ દૂર દૂર ફેલાવી રહ્યા હતા. વૃક્ષોની વચ્ચે તુલસીનો વિસ્તૃત સમૂહ હતો. વચ્ચે ગોબરથી ભૂષિત એક વિશાળ ચોક હતો. આજ તે માનવમહેરામણથી ઉભરાઈ રહ્યો હતો. દરેકે ગળામાં તુલીસીની કંઠી તથા લલાટમાં વૈષ્ણવી તિલક કર્યું હતું. આ બધા શ્રીમહાપ્રભુજીના સેવકો હતા. તેઓ પણ કૃષ્ણકીર્તનમાં તલ્લીન હતા. પક્ષીઓ કુંજી રહ્યા હતા. ભ્રમરો ગુંજી રહ્યા હતા. અલૌકિક દિવ્ય વાતાવરણ હતું. ત્યાં જ બધાને મંગલ વધાઈ મળી કે શ્રીમહાપ્રભુજીના ઘરે શ્રીમહાલક્ષ્મીજીની કૂખે પુત્રરત્નનું પ્રાગટય થયું છે. બધાના હૃદયમાં ભક્તિભાવ હિલ્લોળા લેતો હતો. દરેકના હૃદયમાં કૃષ્ણાજન્મોત્સવનો આનંદ છવાઈ રહ્યો. તે મંગલદિન હતો સંવત ૧૫૬૭નો ભાદરવા વદ બારસનો શુભ દિવસ અને આ બાળક તે જ આપણા ચરિત્રનાયક શ્રીગોપીનાથજી. આપશ્રીના પ્રાક્ટય વખતે શ્રીવલ્લભની સેવકસૃષ્ટિના પ્રત્યેક ઘરમાં આનંદ થઈ રહ્યો છે. બધા પરસ્પર વધાઈ આપે છે કે શ્રીવલ્લભના ગૃહમાં શ્રીગોપીનાથ કુંવરજીનું પ્રાગટય થયું છે. શ્રીગોપીનાથજી બધાને સુખ આપનારા છે (વ્રજ) આસો વદ બારસનો દિવસ ધન્ય છે. તે વેળાનાં નક્ષત્રો પણ ધન્ય છે. દિવસ અને નક્ષત્રો શોભી રહ્યાં છે. ભક્તજનોને ધન્ય છે કે આજે તેમનાં ભાગ્ય વિસ્તર્યા છે. માતા અક્કાજીની કૂખને

ધન્ય છે. ઘરે ઘરે મંગલ કલશો દ્વાર પર શોભી રહ્યા છે. દ્વાર પર તોરણો બંધાયાં છે. વ્રજવધૂઓ ગાન કરતી હાથમાં કુમકુમ અને અક્ષત ભરેલો થાળ લઈને આવી પહોંચી છે. આવીને બાળકને તિલક કરે છે. બાળકનાં શ્રીમુખનાં દર્શન કરે છે. આરતિ કરે છે. રાઈલોન બાળકના શુભ માટે વારે છે. આ વ્રજવધૂઓ આ બાળકને આશિષ આપે છે કે યુગો સુધી રાજ કરો. આ વખતે ત્રિભુવનમાં જયજયકાર થઈ રહ્યો છે. દેવો દુંદુભિ વગાડી રહ્યા છે. આ લીલાનાં દર્શન કરતાં કૃષ્ણદાસજી કહે છે કે હું તો શ્રીવલ્લભસુતના ચરણકમલની રજ છું. મને ન્યોછાવર પ્રાપ્ત થઈ ગઈ છે.

વધાઈ (રાગ સારંગ)

ઘરઘર આનંદ હોત બધાઈ । શ્રીવલ્લભ ગૃહ પ્રગટ ભયે હૈ ગોપીનાથ કુંવર સુખદાઈ ।।૧।। ધનિધનિ અશ્વિન વદિ દ્વાદશી દિન ધનિ ધનિ વાર નક્ષત્ર સુહાઈ । ધનિ ધનિ ભાગ્ય ખુલે ભક્તનકે ધનિ ધનિ કૂખ અક્કાજુ માઈ ।।૨।। મંગલ કલસ વિરાજત દ્વારે ઘર ઘર તોરનમાલ બંધાઈ । કુમકુમ અચ્છત થાર હાથમેં લે લે ગાવત વ્રજવધૂ આઈ ।।૩।। ટીકો કરત નિહારત શ્રીમુખ વારતિ આરતિ લોન કરાઈ । જુગ જુગ રાજ કરો યહ ઢોટા દેત અસીસ સબૈ મન ભાઈ ।।૪।। જય જયકાર ભયો ત્રિભુવનમેં દેવન દુંદુભિ નાદ બજાઈ । શ્રીવલ્લભસુત ચરન કમલરજ કૃષ્ણદાસ નોછાવર પાઈ ।।૫।।

બધાંને એમ જ લાગ્યું કે જેમ શ્રીનંદબાબાને ત્યાં શ્રીબળદેવજી પ્રથમ પધારેલા તેમ અહીં પણ શ્રીપ્રભુ પધાર્યા છે. ગોપાલદાસજીને બલદેવજી સહિત શ્રીકૃષ્ણ શ્રીવલ્લભને ત્યાં પ્રગટ થયા, તેનો પ્રત્યક્ષ અનુભવ થયો. તેનું સ્પષ્ટ વર્ણાન દ્વિતીય આખ્યાનમાં કરે છે :

બલદેવ શ્રી ગોપીનાથ કહિયે, શ્રી વિઠ્ઠલ નંદનંદ ।
એ વેદપથ વિસ્તારશે, જન આપશે આનંદ ।।૨૪।।

શ્રીગોપીનાથજી બળદેવ સ્વરૂપ છે. શ્રીવિઠ્ઠલ, શ્રીકૃષ્ણ સ્વરૂપ છે. આ બંને સ્વરૂપે વેદપ્રતિપાદિત પુષ્ટિમાર્ગનો વિસ્તાર કરશે અને જન્મમરણથી દુઃખી એવા દૈવી જીવોને આનંદ - અગણિતાનંદરૂપ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવશે. ''શ્રીમૂળપુરુષ''માં ગો.શ્રી દ્વારકેશલાલજી આજ વાત લખે છે :

સંવત પંદ્રહા સડસઠ આયો
આસો વદિ દ્વાદશી શુભ ગાયો
ગાયો શ્રીગોપીનાથજી, જબ જન્મ લીનો આયકે
જાનિ બલકો રૂપ હરખિત, દેત દાન બઢાયકે

શ્રીગોપીનાથજીનાં જાતકર્મ અને નામકરણ

શ્રીવલ્લભને આ બાળકમાં હલધરનું રૂપ દેખાયું. ગુણીજનોને બોલાવ્યા. જન્મ વખતના ગ્રહો વગેરેનો અભ્યાસ તે બધાંએ કર્યો. મનમાં ખૂબ હરખ થયો. કુલપુરોહિતને હરખથી બોલાવ્યા. સ્વસ્તિવાંચન થયું, જાતકર્મ કરાવ્યું અને ગોપીનાથ નામ ધર્યું. વિપ્રોએ મંગલ મંત્રોચ્ચાર કરી બાળકને આશિષ આપી. શ્રીવલ્લભે તેમને ખૂબ દક્ષિણા આપી. યાચકોની મનોવાંછના પૂર્ણ કરી તેમને અજાચક બનાવી દીધા. ઉદારતાથી દરેકને ખૂબ દાન આપ્યાં. આ રીતે શ્રીઅડેલમાં ચારે બાજુ આનંદ ખૂબ વૃદ્ધિ પામ્યો. અડેલમાં સમાયો નહીં. આ આનંદને વરસવા માટે બીજી કોઈ જગ્યા ન મળી. ચરણાદ્રિ પર તે આનંદ વરસ્યો (ભવિષ્યમાં શ્રી ગુસાંઈજીનું ત્યાં પ્રાગટય થવાનું છે તેથી) ઘરે ઘરે તોરણ અને માળા બંધાયાં છે. જૈ જૈ નો ઘોષ થાય છે. સર્વત્ર હરખ છે.

વધાઈ

અશ્વિન વદિ દ્વાદશી સુભગ દિન શ્રી લક્ષ્મણ સુતકે સુત જાયો । હલધર રૂપ દેખિ શ્રીવલ્લભ મહાગુનજ્ઞ ગનિક બુલવાયો ।।૧।। લગ્ન સધાય સબૈ ગ્રહ સુન્દર મન હિ મન અતિ હરખ બઢાયો । કુલ પ્રોહિત બુલવાય હરખ સોં મંત્ર સ્વસ્તિ વાચન પઢવાયો ।।૨।। જાતકર્મ અરુ નામકરન કરિ ગોપીનાથ નામ ધરવાયો । દેત અસીસ વિપ્ર શ્રીવલ્લભ દીનો મન ભાયો ।।૩।। મંત્રન પઢિ કિયો અજાચક સકલ ગુનિનકો મનવાંછિત પૂરન કરવાયો । અતિ ઉદાર શ્રીલછમન નંદન દેત દાન સબહિન મન ભાયો ।।૪।। શ્રી અડેલ પુરમે અતિ આનંદ ચહુંદિસ ઉમગ્યો નાહિ સમાયો । બરસ્યો આપ ચરન આદ્રિ પર અનત ઠૌર કાહુ નહિ પાયો ।।૫।। ઘર ઘર તોરન બંદનમાલા જૈ જૈ ધુનિન હરખ ઉપજાયો । રસિકદાસ અતિ દીનહીન મતિ કહા જાને રસના રસ ગાયો ।।૬।।

વિદ્યાભ્યાસ :

શ્રીગોપીનાથજી આઠેક માસના થયા ત્યારે ચરણાટના રાજાએ ખાસ આગ્રહથી શ્રીમહાપ્રભુજીને તેડાવ્યા. માગશર વદ નોમ વિ.સં. ૧૫૭૨માં અહીં શ્રીગુસાંઈજીનું પ્રાકટય થયું. શ્રીગોપીનાથજીની પ્રાક્ટય વધાઈમાં વર્ણન છે - શ્રી અડેલપુરમેં અતિ આનંદ ચહું દિસ ઉમગ્યો નાહિ સમાયો । બરસ્યો આય ચરનઅદ્રિ પર અનત ઠૌર કાહૂ નહિં પાયો ।।

શ્રીમહાપ્રભુજી ચરણાટમાં એકાદ વર્ષ બિરાજ્યા. પુનઃ અડેલ પધાર્યા. શ્રીગોપીનાથજી હવે ચાર વર્ષના થયા હતા. શ્રીવલ્લભ પરિવાર સહિત વ્રજમાં પધાર્યા. શ્રીગોપીનાથજીને શ્રીનાથજીનાં દર્શન અને ચરણસ્પર્શ કરાવ્યાં. પાછા અડેલ પધાર્યા.

શ્રીગોપીનાથજીની પાંચ વર્ષની ઉંમરે કાશીમાં યજ્ઞોપવીત સંસ્કાર થયા. હવે શ્રીવલ્લભે તેમને વિદ્યાભ્યાસ કરાવવાની શરૂઆત કરી. શ્રીવલ્લભે તેમને 'અણુભાષ્ય' વગેરે વેદાંત ગ્રંથો શીખવ્યા. વિવિધ વેદાંત અને ભાષ્યોના અભ્યાસ માટે તેમને પંદર વર્ષની વયે કાશી મોકલ્યા. અહીં તેમણે શ્રીમાધવ સરસ્વતી નામના શાંકર પીઠના આચાર્ય પાસે વિદ્યા પ્રાપ્ત કરી. શ્રીમાધવ સરસ્વતી મહાન વિદ્વાન હતા. ભક્ત પણ હતા.

શ્રીગોપીનાથજી વિચક્ષણ, વિદ્યારસિક, બુદ્ધિશાળી તથા તેજસ્વી વિદ્યાર્થી હતા. મૂળથી જ તેમનું જીવન શ્રીમહાપ્રભુજીના હાથે ઘડાયેલું, આથી થોડા સમયમાં તેમણે ચીવટથી વિદ્યાભ્યાસ કરી લીધો. વિ.સં. ૧૫૮૫માં અડેલ પાછા ફર્યા.

બાલ લીલા : પ્રસંગ – ૧

તેમને શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે જીવવાનો તથા વર્તવાનો શોખ હતો. આથી જ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કઠોર તપવાળું સંયમી જીવન જીવતા. સેવા, સ્વાધ્યાય અને સ્મરણમાં રસ લેતા. બ્રહ્મમુહૂર્તમાં ઊઠી શૌચાદિથી પરવારી ભગવત્સ્મરણ કરવું એ તેમનો સ્વાભાવિક નિયમ હતો. શિયાળાના દિવસો હતા. શ્રીમહાપ્રભુજીને બ્રહ્મમુહૂર્તમાં પ્રભુસેવા માટે ઊઠવાનો નિયમ હતો. પિતાને જાગેલા જોઈ શ્રીગોપીનાથજી પણ જાગ્યા. સ્નાન કરી પિતાજી પાસે હાજર થયા. તેમની આ શિસ્તથી શ્રીવલ્લભ ખુશ થયા અને શ્રીઠાકોરજીને જગાડવાની આજ્ઞા કરી. શ્રીગોપીનાથજી મંદિરના દ્વાર પાસે પહોંચ્યા. ધીમેથી કમાડ ખોલ્યાં, અંદર જઈને જોયું કે પ્રભુ તો નિદ્રાવશ છે. પ્રભુને જગાડવા કે નહીં તેની સમજ ન પડી, શાસ્ત્રાજ્ઞાનુસાર પ્રભુને બ્રાહ્મમુહૂર્તમાં જગાડવા જોઈએ, કારણ સૂર્યોદય પછી નિદ્રા શાસ્ત્રસંમત નથી. તેઓ પિતાજી પાસે ગયા અને કહ્યું, ''શ્રીઠાકોરજી ભરનિદ્રામાં છે.'' તો હવે જગાડવા શું કરવું ? શ્રીમહાપ્રભુજીએ સમજ આપી ''તાળી પાડી જગાડો ! આથી તેઓ શ્રીઠાકોરજી પાસે આવી તાળી પાડી કહેવા લાગ્યા''

> ઉદેતિ સવિતા નાથ પ્રિયયા સહ જાગૃહિ ।
> અંગીકુરુષ્વ મત્સેવાં સ્વકીયત્વેન માં વૃણુ ।।

આપશ્રી રચિત સેવાશ્લોકમાં આ શ્લોક છે.

''હે પ્રભુ ! સવિતાદેવ હવે ઉદય પામશે. આપ કૃપા કરી શ્રીસ્વામિનીજી સાથે જાગો, અમારી સેવાનો અંગીકાર કરો અને મને પોતાનો કરી સ્વીકારો.'' આમ કરતાં પ્રભુ

જાગ્યા. શ્રીગોપીનાથજીનું હૃદય આનંદથી ભરાઈ ગયું. શાસ્ત્રમર્યાદ સચવાઈ અને પ્રભુ જાગ્યા તેથી આનંદ થયો. આ પ્રસંગ વખતે તેઓ પાંચ વર્ષના હતા.

પ્રસંગ – ૨ :

દામોદરદાસ સંભરવાળા કનોજમાં રહેતા. તે શ્રીમહાપ્રભુજીના સેવક હતા. શ્રીમહાપ્રભુજીએ તેમના માથે શ્રીદ્વારકાધીશજીની સેવા પધરાવી આપી હતી. તેઓ પાસે સંપત્તિ પણ ખૂબ હતી, તેમની દેહ છૂટી. તેમનાં પત્નીએ શ્રીદ્વારકાધીશજી તથા સઘળો વૈભવ એક નાવમાં શ્રીમહાપ્રભુજીને ત્યાં અડેલ પધરાવ્યો. કોક વૈષ્ણવે શ્રીમહાપ્રભુજીને આ ખબર આપ્યા કે શ્રીદ્વારકાધીશજી વૈભવ સહિત પધાર્યા છે. આ વખતે બાલક શ્રીગોપીનાથજી ત્યાં ઊભા હતા. તેમણે કહ્યું, ‘લક્ષ્મી સહિત નારાયણજી પધાર્યા છે’. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું કે શ્રીઠાકોરજીનો વૈભવ જોઈ તમારું મન પ્રસન્ન થયું છે. ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું, ના પિતાજી, એવું નથી. એકવાર આપ પરમ ભગવદીય દામોદરદાસજીને ત્યાં પધારેલા ત્યારે હું પણ આપની સાથે હતો, તેમના સેવ્ય સ્વરૂપને જોતાં નજર ઠરી ગઈ. ચાર ભુજાવાળું આ સ્વરૂપ મને ખૂબ ગમ્યું, એક શ્રીહસ્તમાં કમળ, તપ્ત હૃદય ભક્તોને શાંતિ આપે. બીજા શ્રીહસ્તમાં ગદા, દુષ્ટોને સદ્ધર્મે વાળે. ત્રીજા શ્રીહસ્તમાં સુદર્શન ચક્ર, હૃદયના અંધકારને દૂર કરે. ચતુર્થ શ્રીહસ્તમાં શંખ, દૈવી જીવોને આનંદ આપે. આવા સૌમ્ય સ્વરૂપને જોઈ તેની સેવાનો ભાવ બની આવ્યો અને કહ્યું કે આપનો થઈને શ્રીઠાકોરજીના વૈભવમાં મન કરે તેનો નિર્મૂલ નાશ જ થશે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજીના ભાવની સરાહના કરતાં કહ્યું, ‘‘આપણો માર્ગ તો આવો જ છે. મારો વંશજ કે વૈષ્ણવ ભગવદ્-દ્રવ્યમાં આસક્તિ કરશે તેને કોઈ દિવસ અલૌકિક સુખ નહીં મળે.’’

શ્રીગોપીનાથજીને સેવારસિક મહાપુરુષ, બીજા રાજા અંબરીષ એવા દામોદરદાસ સંભરવાળા તથા બ્રહ્મા દ્વારા સેવાયેલ પુરાણપુરુષ શ્રીદ્વારકાનાથજીનું સ્મરણ થઈ આવ્યું. પ્રેમાશ્રુ આવી ગયાં અને મોટેથી શ્રીદ્વારિકાનાથાય નમઃ બોલીને જય પોકાર્યો.

પ્રસંગ – ૩ :

શ્રીગોપીનાથજી ચૌદ વર્ષના થયેલા ત્યારે આપશ્રીના મનમાં વિચાર આવ્યો કે મારે કંઈક વિશેષ રીતે જીવન ગાળવું જોઈએ. મૂળથી જ આપશ્રીનું જીવન નિયમબદ્ધ હતું. પ્રભુસેવા સિવાયના સમયમાં શાસ્ત્રોનો અભ્યાસ તથા નિરંતર ધ્યાનમાં તેમનો સમય

જતો. શ્રીમહાપ્રભુજીને શ્રીભાગવતમાં ખૂબ પ્રીતિ છે તેવું આપ જાણતા હતા - આથી નક્કી કર્યું કે જ્યાં સુધી શ્રીભાગવતના ૧૮૦૦૦ શ્લોકોનો પાઠ ન થાય ત્યાં સુધી પ્રસાદ નહીં લેવો અને આપ પાઠ કરવા બિરાજ્યા. આ વખતે શ્રીવલ્લભ કાશી પધારેલા. મોટાભાઈનું જોઈ શ્રીગુસાંઈજી શ્રીભાગવતના દશમ સ્કન્ધનો પાઠ કરવા બિરાજ્યા. પ્રસાદ લેવા બેમાંથી કોઈ ઊભા ન થયા. માતૃચરણે ખૂબ સમજાવ્યું પણ ન માન્યા. બે ત્રણ દિવસ પછી શ્રીમહાપ્રભુજી અડેલ પાછા પધાર્યા. બે બાળકોની આ નિષ્ઠાથી ખૂબ આનંદિત થયા. આપે વિચાર્યું આ રીતે પાઠ કરતાં ઘણો સમય લાગે. દિવસો પણ થઈ જાય તો પછી શ્રીઠાકોરજીની સેવા તથા બીજાં આવશ્યક કામો ન થાય. આપશ્રીએ જુદી જુદી લીલાઓમાંથી એક હજારથી વધુ (૧૦૭૫) નામો તારવી શ્રીપુરુષોત્તમસહસ્ર નામ ગ્રંથ રચ્યો જેના પાઠ કરવાથી સમગ્ર શ્રીભાગવતના પાઠનું ફળ પ્રાપ્ત થાય.

આ રીતે દશમ સ્કન્ધની લીલાઓને બાલ, પ્રૌઢ તથા રાજલીલામાં વહેંચી ‘ત્રિવિધનામાવલી’ ગ્રંથ લખ્યો. જેના પાઠથી પ્રભુમાં ક્રમશઃ પ્રેમ, આસક્તિ અને વ્યસન થાય છે.

શ્રીમહાપ્રભુજીએ બંને બાળકોને બોલાવી આ ગ્રંથો આપ્યા, તેનો પાઠ કરવાની આજ્ઞા કરવા કહ્યું. વળી સમજાવ્યું કે સેવા અને સ્મરણ વચ્ચે સમતુલન હોવું જોઈએ. એકલી સેવા કે એકલું સ્મરણ અપૂર્ણ છે.

લગ્નજીવન :

સંવત ૧૫૮૫માં શ્રીગોપીનાથજી અઢાર વર્ષના થયા. માર્ગીય આખ્યાયિકા પ્રમાણે શ્રીગોપીનાથજી, પિતૃચરણોની આજ્ઞાથી દક્ષિણમાં પધારેલા, ત્યાં આપશ્રીના કાકા શ્રીજનાર્દનભટ્ટે શ્રીગોપીનાથજીનાં લગ્ન ત્યાં કરાવેલા. તેમનાં પત્નીનું નામ પાયમ્માજી હતું. લગ્નનાં ચાર વર્ષ બાદ શ્રીપુરુષોત્તમજીનું પ્રાગટય થયું. બે પુત્રીઓનું પ્રાગટય થયું. સંવત ૧૫૯૦માં મોટા પુત્રી લક્ષ્મીજી તથા સંવત ૧૬૦૧માં નાના પુત્રી શ્રીસત્યભામાજીનું પ્રાગટય થયું.

આચાર્યતિલક : શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કરવા અડેલ છોડયું. તે વખતે પોતાના ઉત્તરાધિકારી તરીકે શ્રીગોપીનાથજીને આચાર્યસ્થાનનું તિલક કર્યું. શ્રીમહાપ્રભુજીએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે શ્રીગોપીનાથજી વીસ વર્ષના હતા.

કુટુંબના વડીલ તરીકે શ્રીગોપીનાથજી :

પોતાનાં ત્રણ સંતાનોની દેખભાળ યથાર્થ રીતે કરતા. ત્રણેય બાળકોમાં પણ સેવા

તથા સ્મરણના સિદ્ધાંતોનું સિંચન કર્યું. નાનાભ્રાતા શ્રીગુસાંઈજીને પણ ખૂબ જ પ્રેમ આપ્યો. શ્રીગુસાંઈજીના લગ્ન શ્રીરુકિમણીજી સાથે કર્યાં. સારી રીતે લગ્નોત્સવ ઉજવ્યો.

શ્રીગોપીનાથજીના સ્વરૂપ તથા આપશ્રીના ભ્રાતૃત્વભાવ વિષે નવમાં આખ્યાનમાં ગોપાલદાસજી ગાય છે :

શ્રીગોપીનાથજી સુહામણા નવજલ ઘન તનુ ભાણ રે રસના
સુખદાતા લઘુભ્રાતના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના

શ્રીવલ્લભના મોટાપુત્ર શ્રીગોપીનાથજી છે. આપ અત્યંત સોહામણા છો. મનોહર છો, આપશ્રીનું શ્રીઅંગ ચોમાસાનાં જલ ભરેલા વાદળની કાંતિ જેવું છે. તેઓ નાનાભાઈ શ્રીગુસાંઈજીને સુખ આપનારા છે. આપ સર્વગુણોથી પરિપૂર્ણ પૂર્ણપુરુષોત્તમ છો.

શ્રીગોપીનાથજી તથા શ્રીગુસાંઈજી વચ્ચે બંધુપ્રેમ ખૂબ જ સારો હતો. તેની નોંધ લેવી જ જોઈએ. બંને ભાઈઓએ રચેલા સાહિત્ય ઉપરથી આપણે એટલું કહી શકીએ કે શ્રીગોપીનાથજી વૈદિક મર્યાદામાં માનનાર ભક્ત હતા. આપશ્રીને શ્રીમહાપ્રભુજીની પ્રણાલિકા તથા શ્રીકૃષ્ણની ભક્તિમાં પૂર્ણ શ્રદ્ધા હતી. તો પણ તેમનું જીવન વેદાદિશાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે ઘડાયું હતું. તેમને અગ્નિહોત્રાદિક વૈદિક ક્રિયાઓમાં રસ પડતો. સેવા પછીનો સમય ગોપાલાદિ મંત્રોના અનુષ્ઠાનમાં અને યજ્ઞાદિક ક્રિયાઓમાં જતો.

શ્રીગુસાંઈજી એક દીન વિરહકાતર વ્રજની ગોપી જેવા પ્રેમાળ ભક્ત હતા. આપશ્રીને ભગવત્કીર્તન તથા ભગવત્કથામાં અત્યંત આસક્તિ હતી.

બંને ભાઈઓના જીવનમાં શાસ્ત્રમર્યાદા મુખ્ય હતી. છતાં શ્રીગોપીનાથજી શાસ્ત્રાજ્ઞાને આધીન હતા. જ્યારે શ્રીવિઠ્ઠલેશ ભાવને મુખ્યસ્થાન આપી શાસ્ત્રમર્યાદા સાચવતા.

આમ બંને ભાઈઓના અલગ જીવન વહેણ છતાં બંને વચ્ચે અતૂટ પ્રેમ હતો. શ્રીવિઠ્ઠલેશે મોટાભાઈને લખેલ પત્રને જોતાં તે સમજાય છે કે મોટાભાઈ માટે આપને સંપૂર્ણ માન હતું. તેઓ શ્રીગોપીનાથજીને પૂજ્ય બુદ્ધિથી જુએ છે. શ્રીગુસાંઈજીએ શ્રીગોપીનાથજીને પત્ર લખેલો. સંસ્કૃતમાં લખાયેલા આ પત્રનું ગુજરાતી ભાષાંતર નીચે પ્રમાણે છે :

‘‘સ્વસ્તિ શ્રીનવનીતપ્રિયજી, શ્રીમથુરાનાથજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીગોવર્ધનધર શ્રીવિઠ્ઠલેશ્વર, શ્રીમદનમોહનજીના ચરણકમલમાં અનુચર-સેવકના પ્રણામો નિવેદન કરશો.’’

સ્વસ્તિ શ્રીમદ્ મોટાભાઈના ચરણકમલમાં નાના વિઠ્ઠલના કરોડો પ્રણામો ને આ પત્ર દૂત નિવેદન કરે છે. અહીં સર્વ કુશળ છે. આપના કુશળની ઈચ્છા રાખું છું.

હું ભગવાનની આજ્ઞાથી રાસોત્સવ પર્યંત શ્રીગોવર્ધનધરણના ચરણારવિન્દ પાસે રહ્યો છું. અહીં મને બહુ અસ્વાસ્થ્ય થયું. દશ ઉપવાસ કર્યા. હવે ભગવાનની કૃપાથી અને આપની કૃપાથી નીરોગિતા થઈ છે. કંઈપણ ચિંતા કરશો નહીં. અક્કામાજી, અમ્માજી અને અત્તાજીને પ્રણામ. મારું અસ્વાસ્થ્ય સાંભળીને અક્કામાજીને દુઃખ ન થાય તેમ કરશો. ભગવાન સર્વત્ર (રક્ષક) છે. તેથી આપ મારી કાંઈપણ ચિંતા કરશો નહિ. યાદવેન્દ્રપુરી, બ્રહ્માનન્દ દીક્ષિત, હરિહર સર્વને નમસ્કાર. વિષ્ણુદાસાદિ સર્વને આશીર્વાદ. અત્રેના વૈષ્ણવોના પ્રણામ.

હે સખી, જ્યારે વિલાસ પ્રભુ નિકુંજમાં સ્વપ્રિયાજી સહ પ્રમોદ વડે નિર્ભર ક્રીડા કરે છે, ત્યારે એકમેકની પ્રભા અન્યોન્ય વસ્ત્રાચ્છાદન થઈ રહી છે.

આ પત્રમાં શ્રીગુસાંઈજીનો પ્રભુમાં દૃઢ આશ્રય તથા મોટાભાઈ માટે અનહદ પૂજ્યભાવ દેખાય છે.

મોટાભાઈમાં રહેલા સામર્થ્યનો અનુભવ પણ શ્રીગુસાંઈજીએ કર્યો છે. આથી જ મોટાભાઈની સ્તુતિ કરતાં મંગલાચરણ કરે છે :

યદનુગ્રહતો જન્તુઃ સર્વ દુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્ વલ્લભનંદનમ્ ।।

જેમની કૃપાથી પ્રાણી-માત્ર, સર્વ દુઃખોથી પર થાય, તે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પુત્ર (શ્રીગોપીનાથજી)ને હું (શ્રીવિઠ્ઠલનાથજી) સદા વંદન કરું છું.

આચાર વિચાર અને પ્રચારના ત્રિવેણીયુક્ત ગુરુ તથા આચાર્ય શ્રીગોપીનાથજી :

ગુરુનાં લક્ષણો શ્રીમહાપ્રભુજીએ બતાવ્યાં છે.

કૃષ્ણસેવા પરં વીક્ષ્ય, દંભાદિરહિતં નરઃ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં, ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ।।

શ્રીકૃષ્ણ સેવાપરાયણતા તો આપશ્રીમાં બાલ્યાવસ્થાથી જ જોવામાં આવે છે. (પ્રભુને તાળી પાડીને સ્તુતિ કરીને જગાડયા તે પ્રસંગથી) જીવનભર શ્રીકૃષ્ણસેવાનો ક્રમ રહ્યો છે. આપ આચાર્ય બન્યા તે પછી શ્રીનાથજીની સેવા પણ આપશ્રીને પ્રાપ્ત થઈ. શ્રીનાથજીની સેવાપ્રણાલિકા આપે વધુ વ્યવસ્થિત કરી.

આપશ્રીનું જીવન એક ઋષિ જેવું હતું. આપશ્રીનું ગૃહસ્થ જીવન સરળતા, સાત્ત્વિકતા તથા ત્યાગથી પૂરિત હતું. વેદધર્મના માર્ગે ચાલવાનો આપશ્રીનો આગ્રહ આપણા સૌના માટે અનુસરણીય છે.

શ્રીમહાપ્રભુના આપશ્રી જ્યેષ્ઠ પુત્ર છે. પિતાના જ્ઞાન અને ત્યાગનો પ્રભાવ શ્રીગોપીનાથજીમાં દેખાય છે. વિશષતઃ એકાંતવાસ કરતા હતા. નરાકાર પ્રભુની પ્રસન્નતા માટે શ્રીગોપીનાથજી સાચા અર્થમાં પ્રયત્નશીલ પુરુષ છે.

શ્રીભાગવત તરફ આપની રુચિ બાલ્યાવસ્થાથી જ રહી છે. શ્રી ભાગવતનું શ્રવણ પિતાજી પાસેથી યથાર્થ કરેલું છે. ભગવાનને (તત્ત્વ) ઓળખાવનાર શબ્દ અને વાક્યના અર્થનો અને તાત્પર્યનો નિર્ણય તે સાચું શ્રવણ છે. સાંભળ્યા પછી સંદેહ વગર સ્પષ્ટ સમજવું (તત્ત્વને) એનું નામ શ્રવણ. આથી જ શ્રીગોપીનાથજી શ્રીભાગવતતત્ત્વને જાણે છે. આપશ્રીની કા/નીથી જ આપણને શ્રીપુરુષોત્તમસહસ્ર નામ પ્રાપ્ત થયા. આમ આપશ્રીમાં શ્રીમહાપ્રભુજી અપેક્ષિત ગુરુનાં લક્ષણો બીરાજે છે.

આપે લખેલા ગ્રન્થો :

વૈષ્ણવોએ કઈ રીતે વૈષ્ણવીજીવન જીવવું ? કઈ રીતે સેવા કરવી ? તેનુ માર્ગદર્શન આપતો એક ગ્રંથ રચ્યો છે જે, ‘સાધનદીપિકા’ નામથી ઓળખાય છે. વૈષ્ણવોએ જીવનના સોળ સંસ્કારો તેમજ સંધ્યાવંદન, જપ, હોમ, સ્વાધ્યાય અને સેવા જેવાં નિત્યકર્મો કેવી રીતે કરવાં તે સારી રીતે સમજાવ્યું છે. આ ગ્રંથમાં આપે શ્રીમહાપ્રભુજીના તથા શાસ્ત્રોના ઘણા શ્લોકો મૂક્યા છે.

આપનો રચેલો બીજો ગ્રંથ છે સેવાશ્લોકાઃ તેમાં શ્રીઠાકોરજીની સેવાના જુદા જુદા સમયના ભાવ અને લીલાઓનું નિરૂપણ છે. તે સાથે સેવા કરવાની રીત પણ બતાવી છે.

‘‘સૌંદર્યપદ્ય’’ની રચના પણ આપની છે તેવું કેટલાક વિદ્વાનો કહે છે કેટલાક તેને ગુસાંઈજીની પણ રચના કહે છે.

કૃષ્ણભક્તિના સંદેશાને ફેલાવવા કરેલ ભારત પરિક્રમા :

બે ગ્રંથો લખ્યા પછી તેઓએ શ્રીમહાપ્રભુજીના અધૂરા કાર્યને આગળ ધપાવવાનો નિશ્ચય કર્યો. શ્રીકૃષ્ણભક્તિનો પ્રચાર તે શ્રીમહાપ્રભુજીને થયેલ લગ્નની આજ્ઞાનું એક કારણ હતું જ. ભારતની યાત્રા દરમ્યાન સૌ પ્રથમ આપ પૂર્વના પ્રદેશમાં પધાર્યા. એક ઉત્તમ આચાર્ય તથા વૈરાગ્યયુક્ત જીવન જીવનાર તરીકેની આપની ઉત્કૃષ્ટ છાપ

હતી. હજારો વૈષ્ણવોએ તથા અન્ય માનવોએ તેમનો સુંદર સત્કાર કર્યો. ફરતાં ફરતાં શ્રીજગન્નાથપુરી થઈ આપ અડેલ પાછા પધાર્યા. આ યાત્રામાં આપને એક લાખ રૂપિયા ભેટ આવ્યા. આપની દ્રવ્યાસક્તિ મૂળથી જ નહતી, વળી આ પ્રથમ યાત્રા હતી તેથી કુલના નિયમ પ્રમાણે આ સઘળું દ્રવ્ય શ્રીગોવર્ધનનાથજીને ભેટ કરવાનુ નક્કી કર્યું. અડેલથી આપ શ્રીગિરિરાજ પધાર્યા. અહીં શ્રીઠાકોરજી માટે ઉત્તમ પ્રકારના અલંકારો સુવર્ણ અને ચાંદીનાં વાસણો સિદ્ધ કરાવ્યાં અને ભેટ કર્યાં. ત્યાર બાદ અહીં જ આપે શ્રીગોપાલમંત્રનું પુરશ્ચરણ સિદ્ધ કર્યું. પુરશ્ચરણ એટલે એક મંત્ર સવા કરોડ વખત અમુક નિયમથી અમુક સમયમાં જપવો. આવાં પુરશ્ચરણ સિદ્ધ કરનાર વ્યક્તિ પ્રભુનાં દર્શન અથવા પોતાની ઈચ્છા હોય તે સિદ્ધ કરી શકે છે. ત્યાર બાદ તેઓ પાછા અડેલ આવ્યા. આ વખતે આપશ્રીનું આયુષ્ય પચ્ચીસ વર્ષનું હતું. શ્રીઠાકોરજીને ભેટ કરવા ગયા ત્યારે શ્રીગુસાંઈજીને પણ સાથે લઈ ગયા હતા.

પૂર્વ ભારતની યાત્રા પછી આપે ઉત્તર ભારતની યાત્રા કરી. હવે તેમનું મન શ્રીદ્વારકાધીશનાં દર્શન માટે ઉત્સુક હતું. શ્રીમહાપ્રભુજીના શ્રીદ્વારકાધીશ સાથેના ભાવસંબંધથી તેઓ પરિચિત હતા. શ્રીમહાપ્રભુજી પણ દ્વારકા પધાર્યા હતા. આમ તેઓ ભારતના પશ્ચિમ ભાગની યાત્રા કરવા ગુજરાત પધાર્યા. અહીં અમદાવાદમાં બિરાજ્યા. ત્યાં જયકૃષ્ણ ભટ્ટ નામના સાચોરા ભક્તની ઘરવાડીમાં ઉતર્યા હતા. આ વખતે શ્રીમહાપ્રભુજીના ઘરે ઘણા ભક્તો શ્રીગોપીનાથજીને મળવા આવ્યા હતા. અહીં એક રાત્રે આપશ્રીને સ્વપ્ન આવ્યું કે નજીક કૂવામાં શ્રીમદનમોહનજીનું સ્વરૂપ છે. બીજા દિવસે સવારે તે સ્વરૂપ કૂવામાંથી બહાર પધરાવ્યું. આ દિવસે એક મોટો ઉત્સવ કરવામાં આવ્યો. ભક્તોએ આ વખતે પાદુકાનું પૂજન કર્યું. આ સ્વરૂપની સેવા રામદાસ નામના એક બ્રાહ્મણ વૈષ્ણવને સોંપી.

અમદાવાદથી આપ દ્વારકા પધાર્યા. ભગવાનનાં પ્રેમપૂર્વક દર્શન કર્યાં અને ભગવાનની સેવા કરવા લાગ્યા. અહીં આપશ્રીની ભક્તિને બહુ પોષણ મળ્યું. આથી થોડા માસ પર્યંત ત્યાં જ બિરાજ્યા. સંવત ૧૫૯૫માં આપ કાશી પધાર્યા - શ્રીમહાપ્રભુજીના નિકટ પરિચયમાં આવેલા સાધુ મહાત્માઓનો સત્સંગ કરવા લાગ્યા, સાથે ભક્તિનો પ્રચાર પણ કર્યો. અહીં આપે દેવીદાસ ઉપાધ્યાયને પુરોહિત તરીકે સ્વીકાર્યાનો પત્ર લખી આપ્યો.

શ્રીજગન્નાથજી આપનું પ્રિયસ્થાન રહ્યું છે. કાશીથી આપ અહીં પધાર્યા. આ વખતે અહીંના એક બ્રાહ્મણ ગુચ્છીકાર કૃષ્ણસેવકને વૃત્તિપત્ર લખી આપ્યું હતું.

સંવત ૧૬૦૧માં શ્રીગોપીનાથજીએ સોમયાગ અને વિષ્ણુયાગ પણ કર્યા હતા. તેમણે ઉત્તર પ્રદેશ, પૂર્વ પ્રદેશ, ગુજરાત અને સિંધની વારંવાર યાત્રાઓ કરી પુષ્ટિમાર્ગનો પ્રચાર પ્રસાર કર્યો હતો.

આપશ્રીના અન્ય ભગવત્સ્વરૂપ પરના ભાવના પ્રસંગો

એક સમય આપ આગ્રા પધાર્યા. એક વૈષ્ણવે સો સોનામહોરો ભેટ કરી. સિંહનંદથી વાસુદેવ છકડા તે વખતે આગ્રા આવ્યા હતા. શ્રીગોપીનાથજીએ પૂછ્યું એવો કોઈ વૈષ્ણવ છે કે જે અડેલ જઈ શ્રીગુસાંઈજીને આ મહોરો આપી આવે ? ત્યારે વાસુદેવ છકડા તૈયાર થયા. રસ્તામાં ચોર લૂંટારાથી બચવા સંન્યાસી વેશ લીધો અને સોના મહોરોને લાખનો ગોળો બનાવી સંતાડી દીધી. શાલિગ્રામની પૂજા કરતા હોય તેમ રસ્તામાં તેના પર ચંદન ચઢાવતા. ચણા ફાકી લેતા. આમ કરતાં ત્રીજા દિવસે અડેલ પહોંચ્યા. લાખના ગોળાને તોડીને મહોર બહાર કાઢી શ્રીગુસાંઈજીને આપી. શ્રીગુસાંઈજી પાસેથી પહોંચ લઈ પાછા શ્રીગોપીનાથજી પાસે આવ્યા. શ્રીગોપીનાથજીએ પૂછ્યું, ‘‘કઈ રીતે લઈ ગયા ?’’ વસુદેવ છકડાએ બધી હકીકત કહી. ત્યારે આપશ્રીએ સમજ આપી ‘‘લાખના ગોળાને શાલિગ્રામજીનો દેખાવ આપ્યો તે યોગ્ય ન કર્યું. શાલિગ્રામજી ભગવત્સ્વરૂપ છે. ભગવત્સ્વરૂપના બહાને લૌકિક કાર્ય ન કરવું. જેમાં એક વખત અલૌકિક ભાવ કર્યો તેમાં લૌકિક વ્યવહાર ના કરવો.’’

એઈ તેઈ તેઈ એઈ કછુ ન સંદેહ

જેમ વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીમાં ભગવદ્દર્શન કર્યાં છે તે જ રીતે શ્રીગોપીનાથજી તથા શ્રી ઠાકોરજીમાં પણ અભેદ છે. તે માટે આપશ્રીના પ્રમેયરૂપના કેટલાંક પ્રમાણો જોઈએ. ગોપાલદાસજી દ્વારા ગવાયેલી શ્રીગુસાંઈજીની વાણીનું પુનઃસ્મરણ કરીએઃ

શ્રીગોપીનાથ સુહામણા નવજલ ઘન તનુ ભાણરે રસના
સુખદાતા લઘુભ્રાતના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના (૯-૩)

અહીં પૂર્ણ પુરુષ - સર્વ ગુણોથી પરિપૂર્ણ છે તે રીતે આપશ્રીની ઓળખ છે. નવું જલ ભરેલું શ્યામ વાદળ જેવું શરીર કૃષ્ણસ્વરૂપને યાદ કરાવે છે.

મહાનુભાવોએ ગાયું છે ‘‘શ્રીવલ્લભકે કુલમેં સબહી વલ્લભરૂપ.’’ શ્રીવલ્લભે પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના વંશમાં પધરાવ્યું છે. ‘‘સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્ય.’’

‘‘આચાર્યં માં વિજાનીયાત્’’માં કહ્યા મુજબ શ્રીઆચાર્યને ભગવત્સ્વરૂપે જાણવા જોઈએ. આપશ્રીનું આચાર્યત્વ પ્રસિદ્ધ છે.

સૂરદાસજીના ‘‘દૃઢ ઈન ચરનન કેરો ભરોસો’’ તે આશરાના પદમાં છેલ્લી લીટી ‘‘સૂર કહા કહે દુવિધ આંધરો બિના મોલકો ચેરો’’માં કુલ ઓગણીસ અક્ષરો છે તેના ભાવપ્રકાશમાં મહાનુભાવો સમજાવે છે કે, શ્રીકૃષ્ણના રાસલીલાનાં આઠ સ્વરૂપો અને શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજી, શ્રીગોપીનાથજીના પુત્ર શ્રીપુરુષોત્તમજી તથા શ્રીગુસાંઈજીનાં સાત બાળકો-આમ આ અગિયાર આચાર્ય સ્વરૂપો એમ કુલ મળી ઓગણીસ સ્વરૂપોમાં અભેદ છે. આવું દર્શન શ્રીસૂરદાસજીનું છે.

શ્રીગુસાંઈજીને મોટાભાઈમાં પૂર્ણપુરુષનું દર્શન થાય છે. તેજ રીતે શ્રીપુરુષોત્તમજી લેખવાળા પણ શ્રીગોપીનાથજીના સ્વરૂપમાં વિરુદ્ધધર્માશ્રયનાં દર્શન કરે છે. સ્તુતિ કરે છે :

શ્રીવલ્લભપ્રતિનિધિં, તેજોરાશિં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમાશ્રયે ।। (શ્રીઅણુભાષ્ય-પ્રકાશ)

શ્રીવલ્લભમાં વાક્‌પતિ, વૈશ્વાનર તથા કૃષ્ણદાસસ્ય વલ્લભ એમ વિરુદ્ધ ધર્માશ્રય છે તે જ રીતે શ્રીગોપીનાથજી પણ શ્રીવલ્લભના સાચા અર્થમાં પ્રતિનિધિ છે. આપશ્રીમાં પણ વિરુદ્ધ ધર્માશ્રય છે. આપશ્રી અમાપ તેજવાળા છે. છતાં દયાના સાગર છે. આપશ્રી ગુણાતીત છે. લૌકિક ધર્મો આપમાં નથી, સાથે ગુણનિધિ પણ છે અલૌકિક અપ્રાકૃત ધર્મોનો ભંડાર છે. આવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય કરું છું.

આપણા માર્ગમાં શ્રીગુસાંઈજી કૃષ્ણ સ્વરૂપે ગણાય છે તેથી આપશ્રીના મોટાભાઈ હોવાથી આપશ્રીને બલદેવજી ગણીએ છીએ. મર્યાદા સ્વરૂપે ગણી પ્રાયઃ કંઈક ઉપેક્ષા સેવાય છે, પણ તે ઠીક નથી. શ્રીભાગવતજીમાં વર્ણવેલ શ્રીકૃષ્ણલીલા જોઈએ તો દસમ સ્કન્ધમાં પંદરમા અધ્યાયમાં ધેનુકાસુરવધ લીલા છે. અહીં છે તો બલરામજીનું બાહુબલ. પણ લીલા ગણાઈ છે શ્રીકૃષ્ણની. અઢારમા અધ્યાયમાં પ્રલંબાસુર બલદેવજીની વજ્રમુષ્ટિ પ્રહારે મર્યો છે. લીલા કૃષ્ણની ગણાઈ છે.

દ્વિવિદ વાનર ભૌમાસુરનો મિત્ર છે. શ્રીબલદેવજીએ દ્વિવિદનો ઘાત કર્યો. ૬૭મા અધ્યાયમાં આ કથા છે પણ આ લીલા શ્રીકૃષ્ણની કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમ સહસ્રનામમાં શ્રીકૃષ્ણનું એક નામ બલભદ્રાહિતગુણઃ કહે છે. અર્થાત્ બલદેવજીમાં આનંદ આપનાર ગુણોને સ્થાપિત કરનારા. બલદેવજી, નન્દરાયજીના ગોકુલમાં-વ્રજમાં પધાર્યા હતા. તેમનાં આગમનથી માતા-પિતાને અને સર્વ વ્રજજનોને તેમના આનંદદાયી વર્તાવથી જે દિવ્ય આનંદ થયો હતો તેનું વર્ણન

પાંસઠમા અધ્યાયમાં છે. શ્રીકૃષ્ણ અને બલરામ વચ્ચેના અભેદના કારણે આ નામ દસમ સ્કન્ધના કૃષ્ણના નામ તરીકે છે. આમ શ્રીબલરામજીમાં પણ કૃષ્ણાવેશ તો છે જ. શ્રીમહાપ્રભુજીએ શ્રીપુરુષોત્તમ સહસ્રનામમાં આમ બંનેની લીલામાં અભેદ જોયો છે. દસમ સ્કન્ધ ૨૧મા અધ્યાય વેણુગીતમાં સાતમા શ્લોકમાં ગોપીજનો વક્ત્રં વ્રજેશસુતયોઃ કહે છે. વ્રજેશ (નંદજી)ના બે પુત્રો (દ્વિવચન) પણ મુખ એક જ (વક્ત્રં) (એકવચન). શ્રીગોપીજનોની અનુભૂતિમાં, સામાન્ય રીતે દેખાતા બેનું નિરૂપણ કર્યું પણ હૃદયમાં એક શ્રીકૃષ્ણની જ ભાવના છે. આપણે વૈષ્ણવો આ રીતે શ્રીગુસાંઈજીના ભાવમાં શ્રીગોપીનાથજીને નથી જોઈ શક્યા.

હરિદાસ નામના ભક્ત કવિ કહે છે કે શ્રીગોપીનાથજીમાં લીલારસ ભાવ ગુપ્ત રીતે છે. ભક્તોને સુખ આપનાર છે. ચારવેદ તેમના મહિમાનો પાર નથી પામતા. વિપ્રવંશના રાજા છે. પુષ્ટિપથ પ્રગટ કરવા ભૂમિ પર પ્રગટયા છે.

વલ્લભસુત પ્રથમ પ્રગટે, લીલારસ ભાવ ગુપ્ત જૈ જૈ શ્રીગોપીનાથ ભક્તન સુખદાઈ। ગાવત હૈ વેદ ચાર તો હૂં નહીં આવે પાર મહિમા કોઉ કહિ ન સકે વિપ્રવંશ રાખી ।।૧।। પુષ્ટિપથ કરન કાજ પ્રગટે હૈં ભૂમિ આજ, ગાવત સબ વ્રજજન મિલ મંગલમય વધાઈ ।।૨।। હરિદાસ વંસ ગાવે બહુત કછુ વધાઈ પાવે દેખત તિરલોકી જન સબ બલિ બલિ જાઈ ।।

શ્રીગોપીનાથજીનું તિરોધાન

એમ કહેવાય છે કે શ્રીમહાપ્રભુજીએ શ્રીગોપીનાથજીને આજ્ઞા કરી હતી કે "તમારા પછી તમારા પુત્રનો નિત્યલીલા પ્રવેશ થશે." વંશ તો શ્રીગુસાંઈજીનો જ ચાલશે. આનાથી સંભવ છે કે શ્રીગોપીનાથજીનું ચિત્ત સાંસારિક વાતાવરણમાં તટસ્થ થઈ ગયું હતું. તેઓ નાના ભાઈને આગળ કરી, તેમની પાસે સર્વ કાર્ય કરાવતા. વળી સતત સેવાસ્મરણથી આપશ્રીના ભક્તિબીજનો પૂરેપૂરો વિકાસ થયો. પ્રેમ અને આસક્તિ પછી હવે આપશ્રીને વ્યસન દશા સિદ્ધ થઈ હતી.

આ અવસ્થામાં તો ભક્ત ભગવાન સિવાય રહી શકતો નથી. આવી ભગવત્સ્વરૂપની મુખ્યતાથી સ્વરૂપપરતા સિદ્ધ થાય છે. આવા ભક્તની દશા વિકલ બને છે, ભગવાનનાં સ્વરૂપ-ગુણ અને લીલામાં પ્રેમપ્રચુર થઈ જાય છે. ઘરમાં રહેવું હવે તેમને અવરોધ લાગે છે. તેથી અસહ્ય બને છે. રાજા આશકરણજી પણ જ્યારે વ્યસન દશાને પામ્યા ત્યારે રાજ્ય, ઘર અને તનુજા-વિત્તજા સેવા છૂટી ગયાં હતા. ભગવાનના સ્વરૂપ-ગુણ-લીલાનો અનુભવ કરતા વ્રજમાં ઘૂમવા લાગ્યા હતા. શ્રીમહાપ્રભુજી

'ભક્તિવર્ધિની'માં આજ્ઞા કરે છે યદા સ્યાદ્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ- અર્થાત્ જ્યારે કૃષ્ણ માટે વ્યસન (સ્વરૂપપરતા) થાય ત્યારે જ કૃતાર્થ થવાય અને તેવા સ્વરૂપપરાયણને પણ સતત ઘરમાં રહેવું (સ્વરૂપપરતાનું) વિનાશક છે.

''તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્''

વ્યસન દશાવાળા શ્રીગોપીનાથજી વિકલ બન્યા. કંઈક શોધતા હોય તેમ આંખો ફેરવતા એક દિવસે શ્રીવિઠ્ઠલેશને પ્રેમથી બોલાવ્યા. પોતાના પુત્ર પુરુષોત્તમજીને પણ બોલાવી તેમની પાસે અષ્ટાક્ષર મંત્રનું રટણ કરાવ્યું. બે પુત્રીઓ લક્ષ્મીજી અને સત્યભામાજી સન્માર્ગે વળે તે રીતે પ્રબંધ કર્યો. પોતાનાં સ્ત્રી, પુત્ર તથા પુત્રીઓને શ્રીવિઠ્ઠલેશને સુપરત કર્યા તેમને ભગવન્મય થવાનો આશીર્વાદ આપ્યો. અડેલથી તેઓ પુરી આવ્યા. આ વખતે તેમની સાથે માતાની આજ્ઞાથી રાઘવદાસ વૈષ્ણવ સાથે ગયા. અહીં શ્રીજગન્નાથજીના સ્વરૂપની સેવા કરવા લાગ્યા. ભગવાનનાં સ્તોત્રો ગાવા લાગ્યા. આવા સંપૂર્ણ ભગવન્મય જીવનના એક દિવસે તેઓ વહેલી સવારે ઊઠયા. તેમનું મન વાણી હૃદય બધું જગન્નાથ જગન્નાથ પોકારી રહ્યું હતું. જેવા મંદિરના દ્વાર ઊઘડયાં કે શ્રીગોપીનાથ પ્રભુ તરફ દોડયા અને એકદમ અદૃશ્ય થઈ ગયા. અસંખ્ય ભક્તો ગોપીનાથ ગોપીનાથ એમ બોલી ઊઠયા. તેમનો પુરોહિત કૃષ્ણસેવક શ્રીગોપીનાથજીને જગન્નાથ પ્રભુમાં સમાઈ જતા જોઈ આભો બની ગયો.

હવે ગોપીનાથજી ભૂતલપર નહતા. ક્યારનાયે ભગવદ્ધામમાં ચાલ્યા ગયા હતા. આ વખતે શ્રીગોપીનાથજી ત્રેપનવર્ષના (શ્રી કાંકરોલી ઈતિહાસના પુસ્તકમાં શ્રીગોપીનાથજીએ ભૂતલત્યાગ કર્યાની સંવત ૧૬૨૦ બતાવી છે) અને તેમના પુત્ર શ્રી પુરુષોત્તમજી બાર વર્ષના હતા અને શ્રીવિઠ્ઠલેશે કુટુંબ તથા સંપ્રદાયની ધુરા સંભાળી.

શ્રીગોપીનાથજીના તિરોધાન બાદ :

પુત્ર પુરુષોત્તમજીએ શાસ્ત્ર પરંપરા પ્રમાણે શુદ્ધાદ્વૈત સંપ્રદાયની ગાદી સંભાળી. શ્રીગુસાંઈજીએ તેમને આચાર્યસ્થાનનું તિલક કર્યું.

શ્રીગોપીનાથજીનો વંશ :

આપના વંશનો સ્મરણોપદેશ કરતાં ગોપાલદાસજી નવમા વલ્લભાખ્યાનમાં ગાય છે :

લક્ષ્મી સત્યભામા એ બેઉ, અગ્રજની અનુહાર રે રસના
શ્રી નવનીતપ્રિયજીને રીઝવ્યા, સેવા વિવિધ પ્રકાર રે રસના

શ્રીલક્ષ્મી બેટીજી અને શ્રીસત્યભામા બેટીજી એ બંને અગ્રજ (પ્રથમ જન્મેલા મોટાભાઈ)

શ્રીપુરુષોત્તમજીનાં નાનાં બહેનો છે. આમ સ્વરૂપનિરૂપણ કરી ગુણનિરૂપણ કરે છે કે તેમણે અનેક પ્રકારે સેવા કરી શ્રીનવનીતપ્રિયજીને પ્રસન્ન કર્યા.

શ્રીપુરુષોત્તમજી : આપ પણ પુરુષોત્તમ જ છે. આચાર્યતિલક થયું છે અને આપની વય નાની છે તેથી શ્રીગુસાંઈજીના હાથ નીચે સેવા તથા સંપ્રદાયનું સંચાલન કરે છે. આમ સ્વામિત્વ તથા સેવકત્વ બંને દેખાય છે કૃષ્ણદાસ અધિકારીએ તેમને જ આગળ કરીને શ્રીગુસાંઈજીને શ્રીનાથજીની સેવામાંથી છ મહિના દૂર કર્યા છે. શ્રીપુરુષોત્તમજી એકત્રીસ વર્ષની વયે નિત્યલીલામાં પધાર્યા. તેમને કોઈ સંતાન નહતું. આમ વંશ ન ચાલ્યો. દામોદરદાસ સંભરવાળાની વાર્તામાં આના કારણનો ભાવપ્રકાશ શ્રીહરિરાયચરણોએ કર્યો છે કે બાલગોપીનાથજીને શ્રી દ્વારકાધીશજીના દ્રવ્યનું સાંભળી કંઈક પ્રસન્નતા થઈ હતી. આથી એક પુત્ર થયો, પણ વંશ ચાલ્યો નહીં. જગન્નાથપુરીના રાજાને ત્યાં રોજનામચામાં ઐતિહાસિક તવારીખો નોંધાઈ છે. ભોજપત્ર પરના લખાણમાંથી શ્રીપુરુષોત્તમજીનો એક પ્રસંગ મળે છે. તેઓ ચૌદ વર્ષની ઉંમરે પુરી ગયેલા. ત્યાંના રાજાએ આપશ્રીને શ્રીજગન્નાથજીના સ્વરૂપ વિષે પૂછ્યું. આપે કહ્યું, ''શ્રીજગન્નાથજીને ચાર હસ્તો છે''. રાજા કહે ''મને બે દેખાય છે, આપે કહ્યું, ''તમારી લૌકિક નજરે બરોબર છે. મને ચાર ભૂજા દેખાય છે.'' આમ કહી આપે રાજાના કપાળે આજ્ઞાચક્ર પર અંગૂઠો દબાવ્યો. રાજાને અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થઈ. ચાર ભૂજાનાં દર્શન થયાં.

શ્રીલક્ષ્મીબેટીજી અને શ્રીસત્યભામા બેટીજી

શ્રીગોપીનાથજીના તિરોધાન પછી થોડા સમયના અંતરમાં શ્રીપુરુષોત્તમજી તથા માતા અક્કાજી પણ ભગવચ્ચરણારવિંદ પામ્યા. પાયમ્માજી (શ્રીગોપીનાથજીના વહુજી) ને ખૂબ આઘાત થયો. તેઓ પોતાનાં બે પુત્રીઓ લઈ દક્ષિણમાં પિયરમાં ગયા, અહીં એમનો દેહ પડયો.

હવે શ્રીગુસાંઈજીએ પોતાની બે ભત્રીજીઓ પોતાની પાસે તેડાવી, બંને બહેનો ભગવત્સેવામાં તત્પર રહેતી. શ્રીગુસાંઈજીના ઘરના બધા જ તેમને માટે પૂજ્યભાવ રાખતા. શ્રીગુસાંઈજીને તે બંને માટે અનહદ વાત્સલ્ય હતું. આપશ્રીના સેવ્ય શ્રીનવનીતપ્રિયજીની સેવા આ બંને બહેનો કરતી.

શ્રીલક્ષ્મી બેટીજીનો પ્રસંગ :

નરવરગઢના રાજા આસકરણજી શ્રીગુસાંઈજીના સેવક હતા. તેમને વ્યસન દશા પ્રાપ્ત

થઈ ત્યારે તેઓ વ્રજમાં આવી ગયા. ગોપીજનનો ભાવ તેમના રોમેરોમે હતો. આશકરણ વ્રજની રેતીમાં લોટતા ભગવાનની મધુર બંસરીનો નાદ સાંભળી આમ તેમ દોડતા. આમ દિવસોના દિવસો વીતી જતાં ભૂખ તરસનું ભાન રહેતું નહીં. આથી ગુસાંઈજીએ આજ્ઞા કરેલી કે આશકરણજી ઘરે આવે તો જે પ્રસાદી હોય તે તેમને લેવડાવવી.

એક વખત આશકરણજી ગોકુળ આવ્યા. ઘરમાં પ્રસાદી નહતી. શ્રીલક્ષ્મીજીએ વિચાર્યું કે જો આશકરણજી ભૂખ્યા જશે તો પાંચ સાત દિવસે ભગવલ્લીલામાંથી જાગ્રત થશે ત્યારે જ અન્ન પામશે, આથી તેમણે ભગવાન માટે સિદ્ધ કરેલ રાજભોગની સામગ્રી આશકરણજીને આપી અને બીજો રાજભોગ સિદ્ધ કર્યો. રાજભોગ ધર્યા પછી શ્રીગુસાંઈજી આરતી માટે પધાર્યા ત્યારે શ્રી નવનીતપ્રિયજીએ શ્રીગુસાંઈજીને કહ્યું કે આજે હું બમણો રોજભોગ આરોગ્યો છું. શ્રીગુસાંઈજીને જ્યારે શ્રીનવનીતપ્રિયજીના કહેવાથી શ્રીલક્ષ્મીજીએ હકીકત જણાવી ત્યારે આપશ્રી ઘણા પ્રસન્ન થયા. માટે જ ગોપાલદાસજીએ ગાયું, ''શ્રીનવનીતપ્રિયજીને રીઝવ્યાં, સેવ્યા વિવિધ પ્રકાર રે રસના''.

શ્રીસત્યભામાજીનો પ્રસંગ :

તેઓ દયાના સાગર હતા. તેઓ બીજાનું દુઃખ જોઈ શકતા નહિ. દ્રવી જતા. એક સમયે તેઓ પુરી ગયા. ત્યાં દર્શન કરી પાછા આવતા ગૌડ દેશના નારાયણદાસને ત્યાં મુકામ કર્યો. તેમના ઘર આગળ જ રાજાનું કેદખાનું હતું. કેદીઓને તેમાં પૂરી ફટકા મારવામાં આવતા.

સત્યભામાજીએ આ કેદીઓના ચિત્કારો સાંભળ્યા. ખૂબ દુઃખ થયું. મનથી નક્કી કર્યું કે જ્યાં સુધી આ કેદીઓનું દુઃખ દૂર ન થાય ત્યાં સુધી અન્નનો ત્યાગ કરીશ. નારાયણદાસ તથા અન્ય વૈષ્ણવોએ કહ્યું કે રાજા તો પરધર્મી છે. જિદ્દી છે. કોઈ વિનંતી નહીં સાંભળે, માટે આપ ઉપવાસ ન કરો. સત્યભામાજી ન માન્યા. ઉપવાસ પર ચડયા. આ જોઈ બધા વૈષ્ણવોએ ઉપવાસ શરૂ કર્યા. બાદશાહને ખબર પડી. નારાયણદાસને બોલાવી સત્ય હકીકત સાંભળી. બાદશાહે કહેવડાવ્યું કે ઉપવાસ છોડો તો ઘણી સંપત્તિ આપું. બેટીજીએ કહેવડાવ્યું કે મારે લાખ રૂપિયાનું કામ નથી. આ દુઃખી લોકોની મુક્તિ મારે માટે લાખો રૂપિયા બરાબર છે. આજ પ્રભુસેવા પણ છે.

બેટીજીનો આવો ત્યાગ અને દયા જોઈ રાજ આશ્ચર્ય પામ્યો. તેને થયું કે જો આજ્ઞા નહીં માનું તો મારું બૂરું થશે. બાદશાહે બધા કેદીઓને છોડી મૂક્યા. ત્યારબાદ બધા વૈષ્ણવોએ તથા સત્યભામાજીએ પ્રસાદ લીધો. આમ સત્યભામાજીની દયા તથા

ત્યાગવૃત્તિથી મુસલમાન બાદશાહ પણ સન્માર્ગે વળ્યો. દયાર્ણવ શ્રીગોપીનાથજીનાં પુત્રી આવાં જ હોય ને ? આમ મહાન શ્રીગોપીનાથજીની પુત્રીઓ પણ પિતાજી જેટલી મહાન નીવડી.

શ્રીમહાપ્રભુજીની અશેષ માહાત્મ્ય યુક્ત બિંદુસૃષ્ટિના આ પ્રથમ આચાર્યને કોટિ કોટિ વંદન.

સાધનદીપિકા :

એકસોસત્તાવીસ શ્લોકોનો આ ગ્રંથ છે.

પહેલા બે શ્લોકો મંગલાચરણના છે. અમારા શ્રીમહાપ્રભુજીના તે ચરણકમલની રેણુઓ કામધેનુઓ છે. સ્વર્ગના અન્ય તરુઓ તથા કલ્પતરુ સમાન છે.

ता नः श्रीतात-पत्-पद्मरेणवः कामधेनवः ।।
नाकस्य तरवोऽन्येषां स्युः कल्पतरवो यथा ।।१।।
श्रुति-स्मृति-शिरोरत्न - नीराजित - पदाम्बुजम् ।।
यशोदोत्सङ्गलालितं वन्दे श्रीनन्दनदन्दनम् ।।२।।

વેદો અને સ્મૃતિઓ જેમનાં ચરણકમલને ભજે છે તેવા યશોદોત્સંગલાલિત નન્દનન્દનને વંદન કરું છું.

ત્રીજા અને ચોથા શ્લોકમાં આપે અહીં ઉપદિષ્ટ વાતોમાં પ્રમાણો દર્શાવ્યાં છે.

भक्तिमार्ग - वितानाय योऽवतीर्णो हुताशनः ।।
स एव नः परं मानं शेषमस्य प्रमान्तरम् ।।३।।
वेदत्रयी-शिरोभाग - सूत्र - व्याख्यान - सम्मताम् ।।
भक्तिशास्त्रानुसारेण कुर्वे साधनदीपिकाम् ।।४।।

હુતાશન સ્વરૂપ શ્રીવલ્લભ ભક્તિમાર્ગના વિસ્તાર માટે અવતીર્ણ થયા છે. આપશ્રીએ બતાવેલ વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર તથા ભક્તિશાસ્ત્ર (શ્રીભાગવત) ને પ્રમાણ ગણી આ ‘સાધનદીપિકા’ ગ્રંથ કર્યો છે.

‘‘आत्मा वार’’ इति श्रुत्या दर्शनैकफलो विधिः ।।
श्रवणाद्यैः प्रतिज्ञातः ‘‘तं भजेत्’’ - ‘‘तं रसेदि’’ ति ।।५।।
‘‘तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छाताभयम्’’ ।।६।।

પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં ઉપક્રમ છે. ભગવાન હરિ છે. ઈશ્વર છે. તેમને સાંભળતાં, કીર્તન કરતાં તથા સ્મરણ કરતાં અભય પ્રાપ્ત થાય છે. શ્રુતિઓમાં આ કહેલું જ છે સંસારમાંથી મુક્ત થવા ઈચ્છતા પુરુષને શ્રીહરિનું આરાધન આવશ્યક છે.

पुरुषस्याविशेषण संसारं प्राजिहासतः ।।
हरेराराधने मुक्तिः........................।।
.... तत्प्रकारो निरूप्यते ।।७।।
''माहात्म्यज्ञानपूर्वोहि सुदृढः सर्वतोऽधिकः ।।
स्नेहो 'भक्ति' रिति प्रोक्तः तया मुक्तिर्न चान्यथा'' ।।८।।

સાતમા અને આઠમા શ્લોકમાં શ્રીમહાપ્રભુજીસ્વીકૃત ભક્તિની વ્યાખ્યા છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ તથા સર્વથી અધિક સ્નેહ પ્રભુ માટે હોય તે ભક્તિ, તેના સિવાય મુક્તિ ન મળે.

माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम् ।।
शास्त्राणाम् उमुपयोगोऽत्र तत्राकांक्षा गुरोर् भवेत् ।।९।।
''कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।।
श्रीभागवततत्त्वज्ञं भजेद् जिज्ञासुरादरात्''[२] ।।१०।।

નવમા શ્લોકમાં માહાત્મ્યજ્ઞાન મેળવવા પ્રભુના ગુણ તથા કર્મ (લીલા)નું શ્રવણ કરવું જોઈએ તે માટે શાસ્ત્રોને જાણવાં જરૂરી છે. આ બધા માટે ગુરુ હોવા જરૂરી છે. દશમા શ્લોકમાં ગુરુની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં જે કરી છે તે જ આપે છે. કૃષ્ણસેવાપરાયણ, દમ્ભ વગેરે રહિત નર અને શ્રીભાગવતના તત્ત્વને જાણનારને ગુરુ તરીકે સ્વીકારવા.

देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः ।।
गुरुणा कर्णधारेण ह्युत्तार्या स्वोपदेशतः ।।११।।

અગિયારમા શ્લોકમાં કહે છે કે આ ભવસાગર તરવાની ઈચ્છાવાળા માટે દેહરૂપી નાવડીના કર્ણધાર ગુરુ છે. તેમના ઉપદેશથી તે શક્ય બને.

''यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।।
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये'' ।।१२।।
''सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज'' ।।
इति श्रुत्या तथा स्मृत्या प्रपत्त्यादेशमादितः ।।१३।।

શ્રુતિ અને સ્મૃતિમાં ભગવાનની પ્રપત્તિનો આદેશ છે. આજ ગુરુનું પ્રથમ કર્તવ્ય દૈવીજીવને ભગવચ્છરણાગતિ માટે પ્રેરણા કરવાનું છે. આ બાર અને તેરમા શ્લોકમાં છે.

ગુરુના શિષ્યો મુખ્ય બે પ્રકારના. એક દ્વિજકુલમાં જન્મેલા અને બીજા તે સિવાયના.

प्रेम्णोपदेश-श्रवणात् प्रपत्तिः प्रेमकारणम् ।।
अतो मूलाभिषेको हि कार्यस् तेनास्य सेवने ।।१४।।
नहि देहभृता शक्यं कर्म त्यक्तुम् अशेषतः ।।
अतः स्वधर्माचरणं भारद्वैगुण्यम् अन्यथा ।।१५।।
स्वधर्माचरणं शक्त्या ह्यधर्मात्तु निवर्तनम् ।।
इन्द्रिया-ऽश्व-विनिग्राहः सर्वथा न त्यजेत् त्रयं ।।१६।।
इति भागवतो धर्मः श्रीमदाचार्यसम्मतः ।।
भक्तिशास्त्रानुकूल्येन स्वधर्माचरणं भवेत् ।।१७।।

દ્વિજકુલના શિષ્યોનું કર્તવ્ય ૧૪ થી ૧૭ શ્લોકમાં કહ્યું છે.

શ્રી મહાપ્રભુજીએ આજ્ઞા કરેલ છે કે શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ, અધર્મમાંથી નિવર્તન તથા ઈન્દ્રિયોરૂપી અશ્વનો નિગ્રહ કરવો. આ ત્રણેય ત્યજવા નહીં. શ્રીઆચાર્યચરણોને ભાગવતધર્મ અભિપ્રેત ભક્તિશાસ્ત્રને અનુકૂલ સ્વધર્માચરણ કરવું.

गर्भाधानादि-संस्कारैः द्विजैर् मौञ्ज्यन्त-सम्भवैः ।।
देहः संशोधनीयो हि हरिभावो न चान्यथा ।।१८।।
शौचाचार-विहीनस्य आसुरावेश-सम्भवात् ।।
ततः स्वाह्निक-धर्माणाम् आचारोऽपि प्रसज्यते ।।१९।।
स्नानं सन्ध्याजपो होमः स्वाध्यायः पितृतर्पणम् ।।
वैश्वदेवकदेवार्चा इति षट्कर्मकृद् भवेत् ।।२०।।
यथा हि स्कन्ध-शाखानां तरोर् मूलाभिषेचनम् ।।
तथा सर्वार्हणं यस्मात् परिचर्याविधिर् हरेः ।।२१।।
अतस्तदनुरोधेन नित्यकर्मकृतिर्वरा ।।
अन्यथा तु कृतिर्व्यर्था त्रैवर्ग्यविषया यतः ।।२२।।

દ્વિજ શરીરવાળાઓએ દેહ પવિત્ર રાખવો જોઈએ, તે માટે ગર્ભાધાન વગેરે સંસ્કારો કરવા જોઈએ તો જ પ્રભુમાં ભાવ થાય. પવિત્ર આચાર વગર આસુરાવેશ થાય છે. આથી અહિંસક ધર્મોનું આચરણ કરવું. સ્નાન, સન્ધ્યા, જપ, હોમ, સ્વાધ્યાય, પિતૃતર્પણ વિશ્વદેવોનું અર્ચન - આ છ કર્મો કરવાં જોઈએ. પ્રભુની પરિચર્યા માટે આ કરવું,

આમ ન થાય તો, બધી જ કૃતિ વ્યર્થ છે. ગર્ભાધાન સંસ્કારોથી સ્વશાખામાં દ્વિજ થવાય છે. તો જ ગુરુનું શરણ મળે. ૧૮ થી ૨૨ શ્લોકમાં તે કહ્યું છે.

गर्भाधानादिसंस्कारैः स्वशाखोक्तैर् द्विजो युतः ।।
गुरुं प्रपद्येद्..........................।।
............अन्यस्तु सदाचारोऽस्य संश्रयात् ।।२३।।

જે દ્વિજ (બ્રાહ્મણ) નથી તેવા ઈતર શિષ્યોએ ત્રેવીસમા શ્લોકમાં કહ્યા પ્રમાણે સદાચારનું પાલન કરવું. શ્રીઆચાર્યજીના અનુગ્રહથી શ્રીકૃષ્ણની શરણાગતિ થાય તેવા જનોએ તિલક અને માલા ધારણ કરવાં, વૈષ્ણવ આચરણમાં તત્પર રહેવું. પ્રભુનાં કાર્ય કરવાં, અવૈષ્ણવ બધું ત્યજવું, હિંસા-કામનાઓ તથા અન્ય દેવોનું અર્ચન ન કરવું. પ્રભુના ગુણો મહાન છે, તેનું નિત્ય શ્રવણ, કીર્તન તથા સ્મરણ કરવું. પ્રભુનું પાદસેવન, અર્ચન, વંદન તથા દાસ્ય કરવું. શરણાગતો માટે આ રીતે સાત પ્રકારની ભક્તિ કરવી. વૈષ્ણવ વ્રતો, ઉત્સવો અને જયંતીઓ કરવી. આ બધું હરિની અનુકૂલતા માટે જ કરવું અને હરિને જ અર્પણ કરવું. વિપ્રો, ગાયો અને હરિભક્તો પ્રભુને પ્રિય છે, સદા તેમને આદર આપવો. ઘરે આવનાર અતિથિનો પણ દીનતાથી આદર કરવો. વિદ્ધા તિથિએ આવતાં વ્રતો ન કરવાં.

लब्ध्वानुग्रहम् आचार्यात् श्रीकृष्णशरणं जनः ।।
धारयेत् तिलकं मालां वैष्णवाचारतत्परः ।।२४।।
सर्वस्वं हरिसात्कार्यं त्यजेत् सर्वम् अवैष्णवम् ।।
हिंस्र-काम्या-ऽन्यदेवार्चा यदि नित्यं च लौकिकम् ।।२५।।
पूर्वभाण्डादिकं सर्वं परित्यज्य विशुद्धितः ।।
श्रवणादि परो नित्यं हरेः प्रेमास्पदो भवेत् ।।२६।।
हरेर्गुणानां श्रवणं ज्यायोभ्यः शृणुयात् सदा ।।
जातशिक्षः यवीयोभ्यः कीर्तयेद् अन्यथैकलः ।।२७।।
अतिसुन्दररूपाणि लीलाधामानि संस्मरेत् ।।
पादसेवा हरेः कार्या सर्वसम्पन्निकेतनैः ।।२८।।
अर्चनं प्रत्यहं तस्य विधिना नियमेन च ।।
वन्दनं चरणाम्भोजे तस्य भावनयाखिले ।।२९।।
दास्यं तदेकशरणं तत्प्रसादैकभोजनम् ।।
एवं सप्तविधा भक्तिः प्रपन्नाधिकृता भवेत् ।।३०।।
पूर्वविद्धं परित्याज्यं व्रतं तद्विष्णुपञ्चकम् ।।

जयन्ती तूदयेऽन्येन दुष्टान्याप्यरुणोदयात् ।।३१।।
वर्षाश्रिताउत्सवाश्च स्वाश्रिता अपि ये च ते ।।
ततः समर्पयेत् तां श्चाऽनुकूलान् हरये सदा ।।३२।।
श्राद्धानि चोत्तमान्येव वैश्वदेवं च दैवकम् ।।
हरेः प्रसादतः कुर्यात् ततस्तृप्तिरनुत्तमा ।।३३।।
प्रसादोऽपि बलिः कार्यः स्वात्मसंस्कार एव सः ।।
अन्नस्य चात्मनश्चापि तत्संस्कारेण तत्परः ।।३४।।
विप्रा गावो हरेर्भक्ताः सदा पूज्या हरेः प्रियाः ।।
गृहस्थस्यातिथिर्यस्मात् पूज्या दीनो दयास्पदः ।।३५।।
जगन्नाथे द्वारिकायां श्रीरंगे व्रजमण्डले ।।
यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेच्च तत्परः ।।३६।।
गंगादि-तीर्थ-वर्येषु यथा चित्तं न दुष्यति ।।
श्रवणाद्यैः भजेदेवं श्रीभागवततत्परः ।।३७।।
ऊर्ध्वपुण्ड्राणि मृण्मुद्राः तुलसीकाष्ठजापि स्रक् ।।
बाह्याङ्गान्यान्तराणि स्युः भक्ते शान्तिविरक्तयः ।।३८।।
शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।।
दया दानं च विज्ञानं श्रद्धा दैवात्मसम्पदः ।।३९।।

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાને ટાંકતાં કહે છે જગન્નાથ, દ્વારકા, શ્રીરંગ અને વ્રજમંડલ જ્યાં પૂજાનો પ્રવાહ છે ત્યાં રહેવા તત્પર થવું.

ગંગા વગેરે તીર્થોમાં ચિત્ત દૂષિત ન થાય તેમ શ્રીભાગવતશ્રવણ માટે તત્પર રહેવું. ઊર્ધ્વપુણ્ડ્ર તિલક કરવું, તુલસીકાષ્ઠની માળા પહેરવી, બાહ્યાભ્યન્તર ચિહ્નો ધારણ કરવાં.

શમ, દમ તપ, પવિત્રતા, ધીરજ, દયા, દાન, વિજ્ઞાન, શ્રદ્ધા દૈવીજીવની સંપત્તિ છે, તેનાથી નૈષ્ઠિકી ભક્તિ થાય છે. ૨૪ થી ૩૯ શ્લોકમાં આવી આજ્ઞા છે.

दैवात्मसम्पदः पुंसः भक्तिर्भवति नैष्ठिकी ।।
यया ‘सर्वात्माभावा’ ख्या परा सिद्धिः स्वयं भवेत् ।।४०।।
सर्ववस्तुषु वैराग्यं दोषदृष्ट्या विभावयेत् ।।
दमनाद् इन्द्रियाणां च सन्तुष्ट्यापि च सिध्यति ।।४१।।
सर्वत्रैव विरक्तस्य रागः स्याद् नन्दनन्दने ।।
तेनासक्तिश्च व्यसनं प्रपञ्चास्फुरणं भवेत् ।।४२।।

एवं निरुद्धचित्तस्यानुगृहीतस्य चेशितुः ।।
लीलाप्रवेशोऽपीष्टश्च ''तस्मान्मच्छरणो'' क्तितः ।।४३।।

આ રીતે સર્વાત્મભાવની સિદ્ધિ થાય છે. ભગવત્ સંબંધ વગરની સર્વ વસ્તુમાં વૈરાગ્ય આવે છે. દોષદૃષ્ટિ નથી રહેતી. ઈન્દ્રિયોનો નિગ્રહ થાય છે. સર્વત્રથી વિરક્તિ આવે, નન્દનન્દનમાં પ્રેમ થાય. તે પછી પ્રભુમાં આસક્તિ તથા વ્યસન આવે. પ્રપંચની વિસ્મૃતિ થાય છે. ચિત્ત નિરુદ્ધ થાય છે. વૈકુણ્ઠાદિ ભગવલ્લોકમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિરૂપ ફળ થાય છે. ૪૦ થી ૪૩ શ્લોકમાં આ આજ્ઞા છે.

न पापं स करोत्येव प्रमादे त्वाशु निष्कृतिः ।।
अज्ञातस्खलितानां च हरिरेव परा गतिः ।।४४।।
हरिर् भक्तापराधेषु दययैव प्रसीदति ।।
दोषेषु न गतिस्तस्माद् दोषान् सम्परिवर्जयेत् ।।४५।।
अशून्या दिवसा यामाः मुहूर्त-घटिका-लवाः ।।
भगवद्भजनैः कार्याः संसारासक्तिरन्यथा ।।४६।।

આવા વૈષ્ણવો પાપ નથી આચરતા. પ્રમાદ ત્યજી દે છે. હરિના ભક્તોમાં દોષો નથી જોતા. ભક્તોએ કરેલ અપરાધને પણ નથી ગણતા. તેમના દિવસ, રાત્રી, મુહૂર્ત વગેરે ભગવદ્ ભજનવાળા જ હોય છે આમ ૪૪ થી ૪૬માં શ્લોકોમાં આવા વૈષ્ણવોની ભૂતલ પરની સ્થિતિ અન્ય જીવોના જેવા કાલ-કર્મ સ્વભાવાધીન નથી હોતી તેમ આજ્ઞા કરે છે.

गुरुसेवा गुरोराज्ञा गुरौ श्रीहरिभावना ।।
गुरौ भयं गुरौ सिद्धिः प्रपन्नः परिभावयेत् ।।४७।।
भक्तवृन्दान् नमेद् अर्चेद् दृष्ट्वा हृष्येत् (/हर्षे) समानयेत् ।।
भक्तेष्वेवं हरिं साक्षात् प्रसादेन व्यवस्थितम् ।।४८।।
विना भक्तप्रसङ्गेन सद्गुरोः कृपया विना ।।
श्रीभागवतशास्त्रेण विना भक्तिः कथं भवेत् ।।४९।।
विना गद्गद्कण्ठेन द्रवता चेतसा विना ।।
विना नृत्येन गानेन हरिप्रीतिः कथं भवेत्? ।।५०।।
''दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते'' ।।५१।।

ગુરુમાં હરિની ભાવના રાખવી. તેમની આજ્ઞાનું પાલન પણ કરવું, સેવા કરવી, ગુરુની શરણાગતિ કરવી.

ભક્તવૃન્દને જોઈ હર્ષ થવો જોઈએ, તેઓને નમન કરવાં, તેમનું અર્ચન કરવું, ભક્તોમાં હરિને જ જોવા.

ભક્ત સત્સંગ, સદ્‌ગુરુની કૃપા તથા શ્રીભાગવતશાસ્ત્ર વગર ભક્તિ ન થાય.
હરિનું ગાન કરતાં ગદ્‌ગદ્ કણ્ઠ ન થાય, ચિત્ત દ્રવી ન જાય તો તે હરિપ્રીતિ કેવી રીતે થાય ?

ગીતાઆજ્ઞા યાદ કરાવે છે. મારી માયા દૈવીગુણોવાળી છે તરવી અઘરી છે. પણ માત્ર મારું શરણ લેતાં તે માયા તરી જવાય છે. ૪૭ થી ૫૧ શ્લોકોમાં આ આજ્ઞા છે.

क्रीडार्थमसृजत् पूर्वं स्वात्मना स्वात्मकं जगत् ।।
तत्र कायभवा पुष्टिः लीलासृष्टिरनुत्तमा ।।५२।।
वामांश-सम्भवानान्तु भजनानन्दलब्धये ।।
विसृष्टानां ततोऽन्येषां नान्या साधनपद्धतिः ।।५३।।
''यस्यायमनुगृह्णाति भगवानात्मभावितः ।।
स जहाति मतिं लोके वेदेच परिनिष्ठिताम्'' ।।५४।।
अनुग्रहे नियोज्योऽतः संग्रहः श्रुतिसम्मतः ।।
महतां समयो मानं महान्तोऽत्र हरेः प्रियाः ।।५५।।

પ્રભુએ પોતાની ક્રીડા માટે પહેલાં જગત રચ્યું. ત્યારબાદ લીલાસૃષ્ટિ રચી. પુષ્ટિસૃષ્ટિ કાયામાંથી રચી. પુષ્ટિજીવ ભજનાનન્દના અનુભવ માટે પ્રકટ કર્યા છે. આથી પુષ્ટિજીવોને ભગવાનના અનુગ્રહ માટે નિયોજવા તે ભગવત્સેવા જ છે. ૫૨ થી ૫૫ શ્લોકોમાં આ આજ્ઞા છે.

अतस्तदनुरोधेन ''रतिरासो...'' यथा भवेत् ।।
तदर्थं वरणं कार्यं श्रीगोपालमहामनोः ।।५६।।
नायमात्मा प्रवचनैर्न धिया न बहुश्रुतैः ।।
लभ्यते वरणं हित्वा वृतं संवृणुते श्रुतेः ।।५७।।
स्मृत्वा स्वीयवियोगाग्निं तापदाहो भवाम्बुधौ ।।
ततः सर्वं समर्प्यैव श्रीगोपालमनुं श्रयेत् ।।५८।।
''इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् ।।
दारान् सुतान् गृहान् प्राणान् यत् परस्मै निवेदनम्'' ।।५९।।

“इति भागवतान् धर्मान् शिक्षन् भक्त्या तदुत्थया ।।
नारायणपरो मायाम् अञ्जस्तरति दुस्तराम्” ।।६०।।
एवं योगीश्वरोक्तेन भक्तिमार्गेण यो यजेत् ।।
स एवातीत्य कलिजान् दोषान् गच्छेत् परं पदम् ।।६१।।

આવા ભજનાનન્દની પ્રાપ્તિ અન્ય સાધનોથી થતી નથી. પ્રભુ પ્રવચનોથી નથી મળતા, બુદ્ધિવાળાને નથી મળતા. બહુ સાંભળવાથી નથી મળતા. જેનું વરણ કરે તેને મળે. આ વરણ શ્રુતિ પ્રમાણે પ્રભુ જીવનું વરણ કરે છે. ત્યાર પછી આત્મસમર્પણ વગેરે સાધનો જીવ પાસે કરાવે છે. જેમાં જીવને જે પ્રિય છે તે બધું જ દારા, ગૃહ, પુત્ર, પ્રાણ બધા જ પ્રભુને નિવેદન કરે છે. પછી ભક્તિમાર્ગનું અનુસરણ કરતા શ્રીભાગવતમાં કહેલ “રતિરાસો” શ્લોક પ્રમાણે ભજનાનંદ પ્રાપ્ત થાય છે. ૫૬ થી ૬૧ શ્લોક સુધી આ આજ્ઞા છે.

नावैष्णवैः सह वसेन् न तैः संसर्गमाचरेत् ।।
प्रसङ्गेषु हरिं ध्यायेत् स्नायात् कर्मणि मन्त्रतः ।।६२।।
देहशुद्धिः सदा कार्या करशुद्धिर्विशेषतः ।।
स्वपात्रं भगवत्पात्रं स्नानपात्रं न मेलयेत् ।।६३।।
एवं वस्त्रेऽपि विज्ञेये शुद्ध्यशुद्धी स्ववैष्णवैः ।।
गोपयेत् स्वागमाचारं पाकसेवां हरेरपि ।।६४।।

અવૈષ્ણવો સાથે ન રહેવું. તેમનો સંસર્ગ ન કરવો, આવા પ્રસંગે હરિનું ધ્યાન કરવું, દેહશુદ્ધિ અને તેમાંય કરશુદ્ધિ વિશેષતઃ કરવી.

પોતાનાં પાત્રો, સ્નાનનાં પાત્રો, વસ્ત્રો વગેરે ભગવત્‌પાત્રો, વસ્ત્રો સાથે ભેગાં ન કરવાં. શુદ્ધિ અશુદ્ધિનો વિચાર કરવો. પોતાના આચાર, સેવા ગુપ્ત રાખવા. આમ ૬૨થી૬૪ શ્લોકમાં ભક્તિમાર્ગમાં નિષિદ્ધ એવી થોડી વાતો નિરૂપી છે.

सौवर्णैः राजतैस्ताम्रैः पात्रैर्व्यवहरेत् परैः ।।
पाके स्वीयान् सतीर्थ्यांश्च सवर्णान् संनियोजयेत् ।।६५।।
समर्प्यैव शुचिः पूर्वं हरयेऽन्यत्र योजयेत् ।।
द्विमुखं शुचि पात्रं तु ह्यंशुकं लोमजं शुचि ।।६६।।
कार्पासमाहतं शुद्धं नवकौसुम्भयुक् शुचि ।।
विप्रैर्व्यवहृतं तीर्थम् आरामं च गृहं शुचि ।।६७।।

ભગવત્સેવામાં સુવર્ણ, રજત તથા તાંબાનાં પાત્રોનો ઉપયોગ કરવો. બે મુખવાળું (ઝારીજી) પાત્ર પવિત્ર છે. આ બધામાં શુદ્ધતાનો ઉપદેશ ૬૫ થી ૬૭ શ્લોકોમાં છે.

नान्यदेवं व्रजेद् नैव प्रसक्तौ ह्यपमानयेत् ।।
तीर्थेषु तीर्थदेवानां भूदेवानां समर्चनम् ।।६८।।

ભગવત્સેવાપરાયણ હોય તેમને અન્યદેવનો આશ્રય નિષિદ્ધ છે. પણ તે દેવોનું અપમાન ન કરવું, તીર્થોમાં તીર્થદેવોનું અર્ચન કરવું. તે આજ્ઞા ૬૮મા શ્લોકમાં છે.

संन्यासश्चाग्निहोत्रं च कलौ नैव यथाविधि ।।
सन्दिग्धधर्मसेवापि क्लेशायैवाल्पमेधसाम् ।।६९।।
समर्थस्तु तयोः कुर्याद् विद्वान् स्मार्ताग्निधारणम् ।।
न्यासाश्रमात् पतन् मर्त्यः आरूढपतितोऽगतिः ।।७०।।
यद्यप्येवं हि गार्हस्थ्यं वर्णधर्मेण दुष्करम् ।।
तथाप्यायातपतितं तद् बिभृयाद् देहयात्रया ।।७१।।
न गार्हस्थ्यं विना देह-यात्रा-धर्मोऽपि सिध्यति ।।
अतस्तस्मिन् स्थितस्यैव यत्किञ्चित्सिद्धि-सम्भवः ।।७२।।
आश्रमो द्विविधः कौर्मे तत्रोदासीनको गृही ।।
आद्येऽपि नैष्ठिकश्चान्त्ये वैष्णवोऽधिकृतस्ततः ।।७३।।

ગૃહસ્થાશ્રમ વગર દેહ-યાત્રા-ધર્મો સિદ્ધ થઈ શકતા નથી. કલિકાલમાં અગ્નિહોત્ર વગેરે યજ્ઞો કરવા તથા સંન્યાસ ગ્રહણ કરવો વગેરે વર્ણધર્મો શક્ય નથી. આથી ગૃહસ્થાશ્રમીઓએ સ્માર્તાગ્નિને ધારણ કરવો. આવી સમજ ૬૯ થી ૭૩ શ્લોકોમાં છે.

शूद्रस्तु हिंस्रकार्येण निषिद्धस्याशनेन च ।।
निवृत्त्यासौ भजेत् कृष्णं महद्भिरनुकम्पितः ।।७४।।
सहितं हरिभक्तानां ब्राह्मणानां चरेद् गवाम् ।।
पादसेवा च महतां यद्वृत्त्या तुष्यते हरिः ।।७५।।
दानं व्रतं पैतृकं च शौचं शान्तिमथाश्रयेत् ।।
हरिमेव भजेत् प्रेम्णा तेन सिध्यति सत्वरम् ।।७६।।
न वेदश्रवणं कार्य स्पर्धासूयादिनान्यतः ।।
न्यग्भावेन प्रपन्नोऽसौ भवेद् दासो हरेर्गुरोः ।।७७।।

શૂદ્રજનોએ કોઈને મુશ્કેલી પડે તેવાં કાર્યો ન કરવાં. મોટાઓની અનુકંપાથી નિવૃત્તિ વખતે કૃષ્ણને ભજવા. હરિભક્તો તથા બ્રાહ્મણોની ગાયોને ચરાવવા લઈ જવી.

મોટાંઓની પાદસેવા કરવી. આ પ્રકારની વૃત્તિથી હરિ સંતુષ્ટ થાય છે. દાન, વ્રત, પિતૃતર્પણ, પવિત્રતા અને શાંતિનું પાલન કરતા હરિનું ભજન પ્રેમથી કરવું. આમ કરતાં સત્વર સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વેદ શ્રવણ ન કરવું, સ્પર્ધા, ઈર્ષા વગેરે ન કરવા. હરિ અને ગુરુના દાસ થવું. ૭૪ થી ૭૭મા શ્લોક સુધીમાં આમ દ્વિજ કરતા બીજા પુષ્ટિમાર્ગીય જીવોના કર્તવ્યનો નિર્દેશ કર્યો છે.

सधवा भर्तृभावेन विधवा पुत्रभावतः ।।
श्रीकृष्णं संश्रयेत् साध्वी जितचित्तेन्द्रिया शुचिः ।।७८।।
पति-पुत्रादि-बन्धूनाम् आनुकूल्येऽस्य सेवनम् ।।
तदभावे भजेद् भक्त्या कीर्तनैः श्रवणैः स्मृतैः ।।७९।।
तेषामेव तथात्वेतु परिचर्या समान्दिरात् ।।
हरेर्गुरोः सम्भवति ह्यस्वतन्त्राः स्त्रियो यतः ।।८०।।
स्वतन्त्रतायां दोषो हि स्त्रीणां सर्वत्र जायते ।।
अतस्तया तथा भूत्वा हरिः सेव्यस्तदिच्छया ।।८१।।
चित्रमात्रेऽपि सेवा स्यात् प्रतिबन्धे गुरोर्गिरा ।।
छलेनापि भजन् कृष्णं मुच्यते गोपिकादिवत् ।।८२।।
पुरुषापेक्षया स्त्रीणां हृदयं मृदु दृश्यते ।।
अतस्तदनुरागोऽत्र सद्य एवाभिषज्यते ।।८३।।
कामदोषो हि नारीणां कनकानां यथा रजः ।।
तज्जये विजितः कृष्णः कृष्णः स्त्रीणां प्रियो यतः ।।८४।।
उदकी च प्रसूता स्त्री अशुचिश्च तथा पुमान् ।।
दर्शनस्पर्शनादीनि सेव्यमूर्तेर्विवर्जयेत् ।।८५।।

સધવા સ્ત્રીઓએ પતિભાવથી અને વિધવાઓએ પુત્રભાવથી શ્રીકૃષ્ણનું શરણ કરવું. ચિત્ત, ઈન્દ્રિયોને પવિત્ર રાખવી.

પતિ-પુત્રાદિ બન્ધુ વગેરેને અનુકૂલ રહી સેવા કરવી. તેમનો અભાવ હોય તો શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું. મંદિર, હરિ, ગુરુની પરિચર્યા કરવી. જે અસ્વતંત્ર સ્ત્રીઓ છે તેના માટે આ છે.

સ્વતંત્ર સ્ત્રીઓમાં દોષો આવે છે તે પોતાની ઈચ્છા પ્રમાણે હરિને સેવે છે. ચિત્રસેવા કરવી. પ્રતિબંધમાં ગુરુની વાણી સાંભળવી. પુરુષો કરતાં સ્ત્રીઓનું હૃદય મૃદુ હોય છે. આમ તેમને અનુરાગ જલદી કૃતાર્થ કરે છે. સોનામાં રજની જેમ સ્ત્રીઓમાં કામદોષો

હોય છે. તેને કૃષ્ણ માટે દૂર કરવો જોઈએ. કૃષ્ણ સ્ત્રીઓમાં પ્રિય છે. ઉદકી અને પ્રસૂતા સ્ત્રી અપવિત્ર છે. તેથી સેવ્ય મૂર્તિનાં દર્શન, સ્પર્શ વગેરે ન કરવાં. આમ ૭૮ થી ૮૫ શ્લોકોમાં સ્ત્રીઓએ કઈ રીતે ભગવદ્ભજન કરવું તેનું નિરૂપણ કર્યું છે.

चित्रमूर्तिरविज्ञानां पराधीनात्मनामपि ।।
शुचिश्लक्ष्णामपीच्यां च गुरुदत्तां भजेद् वरैः ।।८६।।
तीर्थतोयैर्-निजैर्-मन्त्रैः संस्कृतां सुमनोहराम् ।।
लघ्वीमेव भजेद् मूर्तिँ यथालब्धोपचारकैः ।।८७।।
नात्र प्राणप्रतिष्ठादि व्यापकत्वादजीवतः ।।
स्थान-शुद्ध्यर्थमेवैतत् शब्दार्थमपि सद्गुरोः ।।८८।।
अशुचिस्पर्शने तस्याः तथापञ्चामृतैरपि ।।
होमैर्-दानेन संशोध्या वैदिकेन निजात्मवत् ।।८९।।
गुरुदत्तां स्वयंलब्धां भक्तैरपि सुपूजिताम् ।।
व्यङ्गाङ्गीमपि सेवेत यदि भावो न बाध्यते ।।९०।।

ભગવત્સ્વરૂપ ચિત્રજી કે મૂર્તિ હોય પણ તે પવિત્ર ચિહ્નોવાળી તથા ગુરુએ આપેલી હોય તેનું સેવન કરવું. તીર્થમાં જલ તથા મંત્રોથી સંસ્કાર પામેલ સુંદર મનોહર મૂર્તિને ભજવી. મૂર્તિના યથાપ્રાપ્ય ઉપચાર કરવા. અહીં પ્રાણપ્રતિષ્ઠાદિ નથી. સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે સ્થળ શુદ્ધિ કરવી. અપવિત્ર સ્પર્શ થતાં પંચામૃત કરવું. હોમ, દાન, વગેરે વૈદિક રીતિએ તેને પવિત્ર કરવી. આ સ્વરૂપ ગુરુએ આપેલું હોય, જાતે પ્રાપ્ત કરેલું હોય કે ભક્તે સેવેલું હોય તે ચાલે. આમ ૮૬ થી ૯૦ શ્લોક સુધી ભગવત્સ્વરૂપના પ્રકાર, સેવાનો પ્રકાર, સ્વરૂપપ્રતિષ્ઠાનો પ્રકાર, સ્વરૂપશુદ્ધિનો પ્રકાર, સ્વરૂપ ક્યાંથી પ્રાપ્ત કરવું તેનો પ્રકાર વગેરેનો ઉપદેશ છે.

प्रातरारभ्य मध्याह्नवधिः चैवापराह्णकेः ।।
तत्तल्लीलानुभावेन भजेत् स्व-गुरु-सम्मताम् ।।९१।।
वस्त्रैश्च भूषणैर् गन्धैः नैवेद्यैर् व्यञ्जनैः शुभैः ।।
देश-काल-विभूतीनाम् अनुसारेण सेवनम् ।।९२।।
प्रेम्णा परिचरेत् साधुः यावज्जीवं समाहितः ।।
तेनास्य भावना-सिद्धिः यया स्यात् कृत-कृत्यता ।।९३।।

સદ્ગુરુની સંમતિ મુજબ સેવા કરવી, તે સ્વરૂપની લીલાનું ભાવન કરવું. પ્રાતઃ કાળથી આરંભી મધ્યાહ્ન સુધી કે દિવસની સેવા કરવી.

પવિત્ર વસ્ત્રો, ભૂષણો, ગંધ, નૈવેદ્ય, વ્યંજનો, ગવ્ય, દેશકાલને અનુસાર સેવા કરવી. પરિચર્યા પ્રેમથી કરવી. જીવનપર્યંત કરવી. તેનાથી ભાવના સિદ્ધ થાય છે. જેનાથી કૃતાર્થ થવાય છે. આમ ૯૧ થી ૯૩ શ્લોકમાં નિત્ય સેવાનું સ્વરૂપ સમજાવે છે.

प्रातः पाश्चात्ययामेऽसौ समुत्थाय शुचिर्धिया ।।
स्मरेद् भगवतो लीलां गायेत् तस्य गुणान् गिरा ।।९४।।
प्रातः कृत्यं ततः कार्यं बहिर्गत्वा यथोदितम् ।।
मुखशुद्धिस्ततो नित्यं सौगन्धभ्यञ्जनं भवेत् ।।९५।।
मलस्नानं गृहे कार्यं तप्तोदकपरोदवैः ।।
तस्योपरि श्रीयमुनाजलैः स्नानं स्तवैश्च वा ।।९६।।

સવાર થતાં જાગી જવું. ભગવાનની લીલાનું સ્મરણ કરવું, તેમના ગુણોનું ગાન કરવું ત્યાર બાદ પ્રાતઃ કર્મો કરવાં. મળશુદ્ધિ કરવાં. ત્યારબાદ ગરમ જલથી સ્નાન કરવું. આમ ૯૪ થી ૯૬ શ્લોક સુધીમાં પ્રાતઃ કાલમાં જાગ્યા બાદ ભગવત્સ્મરણ, પવિત્રતા, આચમનાદિ, સ્નાન વગેરેના નિયમો કહ્યા છે. તીર્થ સ્થાનમાં મલસ્નાન કરી તીરે મજ્જન કરવું.

तीर्थस्थाने मलस्नानं कृत्वा तीरेऽभिमज्जनम् ।।
ततस्तु धारणं शुद्धकौशेयाम्बरयुग्मयोः ।।९७।।
पादुकाभिर्गृहे यानं स्पर्शनं नैव कस्यचित् ।।
कुङ्कुमस्योर्ध्वपुण्ड्राणि द्वादशाङ्गेषु नामभिः ।।९८।।
शंख-चक्रादि-मुद्राश्च गोपी-चन्दन-मृत्स्नया ।।
चरणामृतपानं च लेपश्चापि विशुद्धये ।।९९।।

તીરે સ્નાન કર્યા બાદ રેશમી વસ્ત્ર યુગ્મ ધારણ કરવું. પાદુકા પહેરી ઘરે આવવું. કોઈનો સ્પર્શ ન થાય તે જોવું. દ્વાદશ અંગો પર કુંકુમનું ઊર્ધ્વપુણ્ડ્ર તિલક કરવું. શંખ, ચક્રની મુદ્રા તથા ગોપીચંદન કરવાં, વિશુદ્ધિ માટે ચરણામૃત પાન કરવું. ત્યારબાદ તુલસીમાલા લઈ સંધ્યા સારી રીતે કરવી. ૯૭ થી ૯૯ શ્લોકમાં સ્નાન પછી વસ્ત્ર ધારણ કરવાની, ઘરે પાછા ફરવાની, તિલક, છાપા ધારણ કરવાની, ચરણામૃત લેવાની, તુલસીમાળા ધારણ કરવાની, પ્રાતઃ સંધ્યા જપની રીતિ કહી છે.

ततस्तु तुलसीमालां धृत्वा सन्ध्यां समाचरेत् ।।
परियर्या हरेः कार्या परिवारजनैः सह ।।१००।।
गत्वा हरिपदं पद्भ्यां स्तुत्वा द्वारं प्रणम्य च ।।

प्रविश्य मार्जनैर् लेपैः पात्राणां शोधनं चरेत् ।।१०१।।
सम्भृत्य सर्वसम्भारं प्रातराशादिपूर्वकम् ।।
प्रबोध्य श्रीहरिं प्रेम्णा मुखशुध्यंशुकादिभिः ।।१०२।।

સંધ્યા કર્યા પછી પોતાના પરિવારજનો સાથે હરિની પરિચર્યા કરવી. તે માટે પ્રભુના મંદિર પાસે જઈ સ્તુતિ કરવી. દ્વારને પ્રણામ કરવાં. ત્યાર પછી મંદિરમાં પ્રવેશી ભૂમિનું માર્જન કરવું. પાત્રોને લેપનથી શુદ્ધ કરવા. ભોગ વગેરે સામગ્રી ઊલટભેર તૈયાર કરવી. પ્રભુને પ્રેમથી જગાવવા. શણગારીને સિંહાસને પધરાવવા. ૧૦૦ થી ૧૦૨ શ્લોક સુધી સેવ્ય પ્રભુનાં મંદિરમાં પ્રવેશ, મંદિરની ભૂમિનુ માર્જન, સેવાનાં પાત્રોનું પ્રક્ષાલન, મંગલભોગની તૈયારી, પ્રભુને જગાવીને સિંહાસને પધરાવવાની આજ્ઞા છે.

अलंकृत्य ततः सिंहासने समुपवेशयेत् ।।
हैयङ्गवीनपक्वान्नैः ताम्बूलैः सुजलैर् यजेत् ।।१०३।।
ततो निराजनं कार्यं मङ्गलं गीतवाद्यकैः ।।
अभ्यङ्गोन्मर्दनैः स्नानं गृहस्नानविधानतः ।।१०४।।
स्तुत्वा कालिन्दजां स्नाते कुर्यात् सम्प्रोञ्छनांशुकम् ।।
शृङगारं रञ्जितैर् वस्त्रैः चित्रैराभरणैरपि ।।१०५।।
मायूरमुकुटै रम्यैः वेणुवेत्रैः सुमाल्यकैः ।।
वितानैः प्रसरैः शुभ्रैः प्रतिसारैर् नवैर्नवैः ।।१०६।।
जल-क्रीडोपस्करैश्च ताम्बूलामोद-दर्पणैः ।।
व्यजनैर् जल-भृङगारैः देशकालानुसारिभिः ।।१०७।।
अलंकृत्यैव सप्रेम स्वीयान् भक्तान् प्रदर्शयेत् ।।
तौर्यत्रिकेन तत्रापि धूप-दीपादिनार्तिकम् ।।१०८।।

તાજું માખણ, પકવાન, પાન, જલ પ્રભુને ધરવાં, પછી નિરાજન કરી મંગલાનાં પદ ગાવાં, બાદમાં પ્રભુને અભ્યંગ, મર્દન સ્નાન કરાવવું. અંગવસ્ત્ર કરવું અત્તર કરવા. અહીં શૃંગાર નપુંસક લિંગનો શબ્દ યોજ્યો છે. સંસ્કૃતકોશમાં તેનો અર્થ ઈત્ર (અત્તર) થાય છે. વસ્ત્ર આભૂષણ ધરવાં. મયૂર મુકુટ ધરવો. વેણુવેત્ર ધરવાં બીડાં ધરવાં. દર્પણ બતાવવું. દેશકાલાનુસાર પ્રેમથી સજાવટ કરવી. ગાતાં-વાજિંત્રો વગાડતાં ધૂપ-દીપ આદિ આર્તિ કરવી. આમ ૧૦૩ થી ૧૦૮ શ્લોકોમાં મંગલા અને શણગારની સેવાની રીત બતાવી છે.

ततो नानाविधैः शुद्धैश् चतुर्विध-सुभोजनैः ।।
सम्भृतं स्वर्णपात्रन्तु हरेरग्रे निवेदयेत् ।।१०९।।

तुलसीं शंख-तोयेनगायत्र्यास्मिन् निधाय च ।।
''एतत् समर्पितं देव भक्त्या मे प्रतिगृह्यताम्'' ।।११०।।

જુદા જુદા પ્રકારની ચતુર્વિધ સામગ્રી શુદ્ધ રીતે ત્યારબાદ તૈયાર કરવી. સ્વર્ણપાત્રમાં ધરી પ્રભુ સન્મુખ નિવેદિત કરવી. તુલસી તથા શંખોદક સમર્પવા, ગાયત્રી મંત્ર બોલવો તથા પ્રભુને આરોગવાનું નિવેદન કરવું. ૧૦૯ થી ૧૧૦ શ્લોકમાં આ સમજાવ્યું છે.

राजभोगं समर्प्यैवं..................।।
..............बाहिर्-गो-ग्रासम् आचरेत् ।।
ततोऽवशिष्टं जाप्यादि माध्याह्निकम् इहाचरेत् ।।१११।।

૧૧૧માં શ્લોકમાં રાજભોગ ધર્યા પછી ગોગ્રાસ ધરવા. ઘેર પાછા જવાનું અને બાકી રહેલા જપ-પાઠ મધ્યાહ્‌ન સંધ્યા કરવાની આજ્ઞા કરે છે.

ततस्त्वाचमनं दत्त्वा ताम्बूलं माल्यजां स्रजम् ।।
अपसार्य विशोध्यात्र नैवेद्यं जलमानयेत् ।।११२।।
ततो राजाविभूतीनाम् अदर्शैश्चामरैर्भजेत् ।।
गीताद्युत्सवतो ह्येनं नीराज्य च प्रणम्य च ।।११३।।

રાજભોગ ધર્યા બાદ સમય થયે આચમન કરાવવું. બીડાં તથા માલા ધરવાં, ભોગ સરાવવો. જલ ધરવું. જેમ રાજાને કરીએ છીએ તેમ ચામર ધરાવવી. ગીત ઉત્સવ કરતાં આરતી કરવી. પ્રણામ કરવા. ત્યાર બાદ મંદિરની બહાર આવવું (અનોસર કરવું) ૧૧૨ થી ૧૧૩ શ્લોકમાં આ કહ્યું છે.

हृदि कृत्वा पिधायास्य मन्दिरं बाहिराव्रजेत् ।।
स्रग्गन्धादि शिरो धृत्वा प्रणम्यैव गृहं व्रजेत् ।।११४।।
माध्याह्निकं समाप्यैव श्रीमद्भागवतं पठेत् ।।
ततो भक्तजनेभ्योऽस्य प्रसादं शक्तितो भजेत् ।।११५।।
समागतेभ्यो विप्रेभ्यो दीनेभ्यश्च यथायथम् ।।
दत्वा स्वीय-जनैर् भुक्तिः वैश्वदेवोऽपि तत्र वै ।।११६।।

અનૌસર બાદ પ્રસાદ માલા બીડાં માથે ચઢાવવા. પ્રણામ કરી ઘરે આવવું. માધ્યાહ્‌નિક કર્મ બાકી હોય તો તે પૂરું કરવું. શ્રીભાગવતનો પાઠ કરવો. ભક્તજનોને, અતિથિને, વિપ્રને, દીન જનોને યથાશક્તિ પ્રસાદ લેવડાવવો. વૈશ્વદેવને પણ આપવો. ત્યારપછી આપણાં સ્વીયજનોને આપી આપણે લેવું. ૧૧૪ થી ૧૧૬ શ્લોકમાં આ આજ્ઞા છે.

ततो वार्ता स्वकीयानां बहु-पापैरनाकुलाम् ।।
यात्रार्थमेव सेवेत नाभिवेशोऽत्र सञ्चरेत् ।।११७।।
सम्पन्न-वृत्तिर् भक्तानां शास्त्राणि परिभावयेत् ।।
सर्वथा वृत्त्यभावे तु याममात्रं भजेद् हरिम् ।।११८।।
दरिद्रश्च कुटुम्बार्तः विद्वान् भागवतं पठेत् ।।
अविद्वानस्य सेवायां साहाय्यं श्रवणं च वा ।।११९।।

ત્યારબાદ સ્વકીયો સાથે વાતચીત કરવી. તે પાપપ્રચુર ન હોવી જોઈએ. કમાવા જવાની જરૂર ન હોય તો શાસ્ત્રોનું અવલોકન કરવું. કમાવવા જવું પડે તેમ હોય તો પણ એક યામ તો ભગવત્સેવા કરવી જ. દરિદ્ર કુટુંબાર્ત વિદ્વાને ભાગવતનો પાઠ કરવો. અવિદ્વાન હોય તેણે વિદ્વાનની સેવા કરવી અથવા તેમના મુખે ભાગવત શ્રવણ કરવું. ૧૧૭ થી ૧૧૯ શ્લોકમાં આ આજ્ઞા છે.

सायंसन्ध्याथ पुण्ड्राणि धृत्वा ताम्बूलतो मुखम् ।।
संशोध्याचम्य शुद्धोऽसौ..................।
....................प्रभोरुत्थापनं चरेत् ।।१२०।।

૧૨૦મા શ્લોકની શરૂઆતમાં સાંજની વેળાએ આચમન કરી તાંબૂલથી મુખશુદ્ધિ કરી તિલક કરવું. આ રીતે શુદ્ધ થવું. આ જ શ્લોકના અંતમાં કહે છે હવે પ્રભુને ઉત્થાપન કરાવવું.

कन्दमूलैः फलैर्गव्यैः सुमाल्यैः सुजलैरपि ।।
सन्तोष्य मुरजादीनां सङ्गीतेनापि तोषयेत् ।।१२१।।
गायेद् भक्तकृतैः पद्यैः हृद्यैर् लीलारहस्यकैः ।।
ततोनीराजयेन् नाथम्आयान्तं व्रजमण्डले ।।१२२।।
सायंकालेऽपि नैवेद्यं यथा-विभव-विस्तरः ।।
नीराजनं च शयनं यथायोग्यं विभावयेत् ।।१२३।।

ઉત્થાપન કરાવી પ્રભુને કન્દમૂલ, ફલ, ગવ્ય (દૂધ, દહીં) મેવા ધરવાં, જલ ધરવું, મુરજ વગેરે (વાદ્યો) સાથે, સંગીત વડે પ્રભુને સંતોષવા.

ભક્તોએ કરેલાં પદો હૃદયમાં લીલા રહસ્ય સમજીને ગાવાં. આરતી કરવી. સાયંકાલે પણ યથાશક્તિ ભોગ ધરવો. પછી આરતી કરવી. પછી પ્રભુને શયન કરાવવું. ૧૨૧ થી ૧૨૩ શ્લોકો સુધી આ સમજ આપી છે.

सायंसन्ध्या-ऽऽहुती चापि कृत्वा भक्त्वा निवेदितम् ।।
कथयेद् शृणुयाद् वापि लीलां भगवतोऽन्वहम् ।।१२४।।
ततः शयीत शुद्धोऽसौ भावयन् भगवत्पदम् ।।
सुतार्थिनी स्वपत्नी चेत् व्रजेत् तां जेतुम् इन्द्रियम् ।।१२५।।
इत्येवं यस्य दिवसा यान्ति भक्तस्य भूतले ।।
स एव कृतकृत्योऽस्ति हरिस्तमनुश्लिष्यति ।।१२६।।

સાયંકાલની સંધ્યા કરી આહુતિ આપી પ્રસાદ લેવો. નિત્ય શ્રીભાગવત કહેવું અને સાંભળવું. ત્યારબાદ શુદ્ધ થઈ ભગવાનનાં ચરણારવિંદનો ભાવ કરતાં સૂઈ જવું. પુત્રાદિ ઈચ્છતી સ્વપત્ની પાસે જવું. આ રીતે જે ભક્તનો દિવસ ભૂતલ પર પસાર થાય છે તે કૃતાર્થ થાય છે. પ્રભુને પ્રાપ્ત કરે છે. ૧૨૪ થી ૧૨૬ માં શ્લોકમાં આ વિધાન છે.

इत्येवं भक्तिशास्त्रेषु यदाचारो निरूपितः ।।
तदाचारं भजेदत्र नान्यथा गतिरिष्यते ।।१२७।।

છેલ્લા ૧૨૭મા શ્લોકમાં ગ્રંથનો ઉપસંહાર કરે છે કે આ રીતે ભક્તિશાસ્ત્રોમાંથી જે સદાચારો નિરૂપ્યા છે તે આચારોનું પાલન કરતાં અન્યથાગતિ (ભગવદ્ગતિ સિવાયની) નહીં થાય.

શ્રીમદ્ભગવદ્વદનાવતાર શ્રીવલ્લભદીક્ષિતતનુજ
શ્રીગોપીનાથજીદીક્ષિતસૂચિત સાધનદીપિકા સમાપ્ત થઈ.